CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ ઓક્ટોબર ૨૦૨૩, ગુરૂવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ બારસ | અંક : ૯૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## શેરબજાર ફરી ઊંધા માથે પટકાયું, રોકાણકારોના બે લાખ કરોડ ડૂબ્યા

### સેન્સેક્સમાં ૫૨૩ અને નિફ્ટીમાં ૧૬૦ પોઈન્ટનું ગાબડું પડ્યું, આઈટી, રિયલ્ટી, ફાર્મા ઈન્ડાઈસિસમાં દબાણ, બેન્કિંગ, ઓટો, એનર્જી શેરોમાં વેચવાલી

। મુંબઈ, તા.૨૫ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધની અસર ભારતીય શેર બજાર પર પડતી જોવા મળી રહી છે. આજે ફરી બજાર લાલ નિશાન સાથે બંધ થયું છે. માર્કેટમાં મંદીનો દોર યથાવત છે. સેન્સેક્સ- નિફ્ટી સતત ૫માં દિવસે ઘટાડા સાથે બંધ રહ્યો હતો. નિફ્ટી લગભગ ૪ મહિનાના સૌથી નીચા સ્તરે બંધ થયો છે. મેટલ સિવાય બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સ ઘટ્યા છે. આઈટી, રિયલ્ટી, ફાર્મા ઈન્ડાઈસિસમાં દબાણ જોવા મળ્યું હતું જ્યારે બેંક્િંગ, ઓટો, એનર્જી શેરોમાં વેચવાલી જોવા મળી હતી. મેટલ, પીએસયુ બેંક ઈન્ડેક્સ મામૂલી વધારા સાથે બંધ થયા છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૫૨૨.૮૨ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકાના ઘટાડા સાથે ૬૪,૦૪૯.૦૬ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૯.૬૦ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકાના ઘટાડા સાથે ૧૯,૧૨૨.૨૦ ના સ્તર પર બંધ થયો હતો. આ સપ્તાહે સતત બીજા ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયું છે. બેંક્િંગ, મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં ભારે વેચવાલીને કારણે ભારતીય શેરબજારમાં સતત છઠ્ઠા ટ્રેડિંગ સેશનમાં ઘટાડો નોંધાયો હતો. ઈઝરાયેલ-હમાસ યુદ્ધના કારણે બજારમાં અસ્થિરતા જોવા મળી રહી છે. જો કે સવારે બજાર લીલા નિશાન સાથે ખુલ્યું હતું, પરંતુ બપોરના વેપારમાં બજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૫૨૨ પોઈન્ટ ઘટીને ૬૪,૦૪૯ પોઈન્ટ પર બંધ થયો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૧૨૨ પોઈન્ટ પર બંધ થયો હતો. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અટકે તેવી કોઈ શક્યતા નથી. આ યુદ્ધ પશ્ચિમ એશિયાના અન્ય દેશોમાં ફેલાઈ જવાનો ડર છે જેના કારણે શેરબજાર અસ્થિરતા જોવા મળી રહી છે. જો આમ થશે તો ક્રૂડ ઓઈલના ભાવ વધી શકે છે. તે જ સમયે, અમેરિકન ટ્રેઝરી બોન્ડ્સ પર યીલ્ડ ૫ ટકાને વટાવી ગઈ છે. તેના કારણે પણ બજારમાં દબાણ છે. અમેરિકામાં વ્યાજદરમાં વધારો થવાની સંભાવના છે. આજના કારોબારમાં આઈટી, બેંક્િંગ, ફાર્મા, એફએમસીજી, એનર્જી, મીડિયા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે માત્ર મેટલ સેક્ટરના શેર જ લીલા નિશાનમાં બંધ રહ્યા હતા. PSU બેંકોના ઈન્ડેક્સમાં પણ વધારો જોવા મળ્યો હતો. જોકે, નિફ્ટી બેંક્િંગ ઈન્ડેક્સ ૩૨૦ પોઈન્ટ ઘટીને ૪૨,૮૩૨ પર બંધ થયો છે. નિફ્ટી બેંકના ૧૨માંથી ૮ શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. બજારમાં ઘટાડાને કારણે બીએસઈમાર્કેટ મૂડીમાં ફરી ઘટાડો થયો છે. આજે બજાર બંધ થતાં બીએસઈનું માર્કેટ કેપ રૂ. ૩૦૯.૩૩ લાખ કરોડ થયું હતું જ્યારે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૩૧૧.૩૦ લાખ કરોડ હતું એટલે કે આજના વેપારમાં રોકાણકારોને રૂ. ૨ લાખ કરોડનું નુકસાન થયું છે.

**ન્યૂઝ બ્રિફ**

### રાવણ દહનમાં નિશાન ચૂકતા કંગના રનૌત ટ્રોલ થઈ



। નવી દિલ્હી, તા.૨૫ ।

બોલીવુડ ક્વીન કંગના રનૌતે પોતાની ફિલ્મ 'તેજસ'ના રિલીઝ પહેલા એક મોટો ઈતિહાસ રચી દીધો છે એક્ટ્રેસે દિલ્હીના પ્રસિદ્ધ લવ કુશ રામલીલામાં રાવણ દહન કર્યું છે. કંગના ૫૦ વર્ષના ઈતિહાસમાં રાવણ દહન કરનારી પ્રથમ મહિલા બની ગઈ છે. જોકે, પોતાની એક મોટી ભૂલના કારણે તેને સોશિયલ મીડિયામાં ખૂબ ટ્રોલ કરવામાં આવી રહી છે. જેનો એક વીડિયો પણ સામે આવ્યો છે. મંગળવારે દિલ્હીમાં આયોજિત લવ કુશ રામલીલામાં રાવણ દહન માટે બોલીવુડ એક્ટ્રેસ કંગના રનૌતને આમંત્રણ આપવામાં આવ્યુ હતું.

### પીએન્ડકે ખાતરો પર રૂ. ૨૨,303 કરોડની સબસિડીના પ્રસ્તાવને મંજૂરી

। નવી દિલ્હી, તા.૨૫ ।

દિવાળી પહેલા ખેડૂતો માટે સારા સમાચાર આવ્યા છે. મોદી સરકારે ખેડૂતોને મોટી રાહત આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે આજે ચાલુ રવી સિઝનમાં ખેડૂતોને વ્યાજબી ભાવે ખાતર આપવા માટે પીએન્ડકેખાતરો પર રૂ. ૨૨,૩૦૩ કરોડની સબસિડી આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે મંત્રી મંડળની બેઠક બાદ મીડિયાને આ નિર્ણયની માહિતી આપી છે.

### ભારત-કેનેડા વચ્ચે કેટલાય દિવસોથી રાજદ્વારી તણાવ

## ભારતે કેનેડા સાથે મસૂર દાળ માટે નવા કરાર ન કર્યા

**હસ્તાક્ષર થયેલા કરાર હેઠળ જ દાળની જ ખરીદી ચાલુ : ૨૦૨૨-૨૩માં કેનેડા પાસેથી ભારતે સૌથી વધુ મસૂર દાળની ખરીદી**

। નવી દિલ્હી, તા.૨૫ ।

ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા કેટલાય દિવસોથી રાજદ્વારી તણાવ ચાલી રહ્યો છે જેની અસર બંને દેશોમાં નિકાસ-આયાત પર થવા લાગી છે. કેનેડા ભારતમાં સૌથી વધુ મસૂર દાળ નિકાસ કરે છે પરંતુ બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે કેનેડાથી મસૂરની આયાત માટે નવા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા નથી. ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવની અસર બંને દેશોના વેપાર પર થવા લાગી છે. વેપારીઓને ડર છે કે જે રીતે બંને દેશો વચ્ચે વિવાદ વધી રહ્યો છે તેવામાં કોઈપણ દેશ બદલો લેવાની ભાવનામાં વધારાનો કર લગાવી શકે છે. જો કે પહેલાથી જ હસ્તાક્ષર થયેલા કરાર હેઠળ જ દાળની જ ખરીદી ચાલુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કેનેડા પાસેથી ભારતે સૌથી વધુ મસૂર દાળની ખરીદી કરી હતી.

**જો બંને દેશો વચ્ચે રાજદ્વારી વિવાદ ચાલુ રહેશે તો વેપારીઓ ટ્રેડ એગ્રીમેન્ટ કરવાથી બચવાનો પ્રયાસ કરશે**

ભારતે આ સમયગાળા દરમિયાન કેનેડા પાસેથી કુલ ૪.૮૫ લાખ મેટ્રિક ટન મસૂર દાળની ખરીદી કરી હતી જે કુલ આયાતના અડધાથી વધુ છે. રિપોર્ટ મુજબ બંને દેશો વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે દાળની આયાત માટે નવા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવી રહ્યા નથી.



ભારતમાં મસૂર દાળનો મોટો હિસ્સો આયાત કરવામાં આવે છે જેમાં મોટાભાગની આયાત કેનેડામાંથી થાય છે. દેશમાં પહેલાથી જ દાળના ભાવ આસમાને પહોંચી ગયા છે અને ગયા મહિને કઠોળનો મોંઘવારી દર ૧૩ ટકાથી વધુ હતો. હવે જો મસૂર દાળના પુરવઠામાં ઘટાડો થાય તો તેની કિંમતો વધી શકે છે. ભારતમાં દર વર્ષે ૨૩ લાખ ટન દાળનો વપરાશ થાય છે જ્યારે તેની સામે માત્ર ૧૬ લાખ ટન જ ઉત્પાદન થાય છે, જો કે ભારત અન્ય દેશો પાસેથી પણ દાળની આયાત કરે છે અને તેનાથી સૌથી વધારે ઓસ્ટ્રેલિયાને લાભ થયો છે. આ સિવાય તાજેતારમાં અમેરિકાથી કરવામાં આવતી દાળને કોઈપણ પ્રકારની કસ્ટમ ડ્યુટી માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. ભારત રશિયા, તુર્કી, સિંગાપોર અને યુએઈમાંથી પણ મસૂરની આયાત કરે છે. કેનેડા માટે ભારત એક મોટું બજાર છે. ભારત વર્ષ ૨૦૨૨માં કેનેડાનું ૧૦મું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર હતું.

### હોસ્પિટલમાં ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવાયું

## ડબલ એન્જિનની સરકારે આરોગ્ય વ્યવસ્થાને ડબલ બીમાર કરી નાખી : ખડગે

### ભાજપ સરકારના આ અક્ષમ્ય ગુનાની સજા નિર્દોષ બાળકો ભોગવી રહ્યા હોવાનો કોંગ્રેસના નેતાનો આક્ષેપ

। નવી દિલ્હી, તા.૨૫ ।

ઉત્તર પ્રદેશના કાનપુરની એક સરકારી હોસ્પિટલમાં ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ આ બાળકોને એચઆઈવીએઈડ્સ, હેપેટાઈટિસ બીઅને સીજેવી બીમારીઓ થઈ ગઈ છે. આ મુદ્દે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર અને યુપી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, ડબલ એન્જિનની સરકારે આરોગ્ય વ્યવસ્થાને પણ ડબલ બીમાર કરી નાખી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર તેમણ લખ્યું કે, ડબલ એન્જિનની સરકારે આરોગ્ય વ્યવસ્થાને પણ ડબલ બીમાર કરી નાખી છે. યુપીના કાનપુરમાં એક સરકારી હોસ્પિટલમાં થેલેસેમિયાના ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવી દીધુ હતું. જેના કારણે બાળકોને એચઆઈવીએઈડ્સ, હેપેટાઈટિસ બીઅને સીજેવી ચિંતાજનક બીમારીઓ થઈ ગઈ છે. આ ગંભીર બેદરકારી શરમજનક છે. કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે, ભાજપ સરકારના આ અક્ષમ્ય ગુનાની સજા નિર્દોષ બાળકો ભોગવી રહ્યા છે. ગઈકાલે મોદીજી કાલે આપણને ૧૦ સંકલ્પો લેવીની મોટી-મોટી વાતો શીખવી રહ્યા હતા. શું તેમણે ક્યારેય



પોતાની ભાજપ સરકારની નખ જેટલી જવાબદારી પણ નક્કી કરી છે. કાનપુરની લાલા લાજપત રાય હોસ્પિટલમાં ૧૪ બાળકોને સંક્રમિત લોહી ચઢાવી દેવામાં આવ્યુ હતું. જે બાદ તેમની તપાસમાં જાણવા મળ્યું કે, આ બાળકોમાં એચઆઈવીએઈડ્સઅને હેપેટાઈટિસ બીઅને સીનું સંક્રમણ ફેલાઈ ગયુ છે. ડોક્ટર્સે જણાવ્યું કે, આ લોહી રક્તદાન હેઠળ લેવામાં આવ્યું હતું. સંક્રમિત બાળકોમાંથી સાતમાં હેપેટાઈટિસ બી, પાંચમાં હેપેટાઈટિસ સીઅને બે બાળકોમાં એચઆઈવીની પુષ્ટિ થઈ છે.

### બાળકો અને કિશોરોમાં લાઈક્સની કુટેવ નાખી

## ફેસબુક-ઈન્સ્ટા સામે યુએસના 33 રાજ્યોએ કેસ દાખલ કર્યો

। વોશિંગ્ટન, તા.૨૫ ।

લાઈક્સની કુટેવ પાડી બાળકો અને કિશોરોનું માનસિક સ્વાસ્થ્ય ખરાબ કરવાના આરોપ હેઠળ મેટા પ્લેટફોર્મ તથા તેના હેઠળ આવતા ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સામે અમેરિકાના લગભગ ૩૩ રાજ્યોએ કેસ દાખલ કર્યો છે. અહેવાલ અનુસાર માર્ક ઝુકરબર્ગની માલિકી હેઠળની આ કંપની સામે કેલિફોર્નિયાની ઉત્તર જિલ્લા કોર્ટમાં કેસ દાખલ કરનારાઓમાં કેલિફોર્નિયા, ન્યુયોર્ક, કોલારાડો જેવા રાજ્યો પણ સામેલ છે. આરોપ છે કે તેણે જાણીજોઈને એવા ફીચર્સ તૈયાર કર્યા છે જેનાથી બાળકોને લાઈક્સની કુટેવ પડે. તેનાથી તેમનો આત્મવિશ્વાસ ઘટી રહ્યો છે. આ મામલે જુદા જુદા રાજ્યોના એટોર્ની જનરલના નેતૃત્વમાં તપાસ કરાયા બાદ દાખલ કરાયો હતો. કેસમાં એવું પણ કહેવાયું છે કે કંપની ૧૩ વર્ષથી નાની વયના બાળકોનો ડેટા તેમના માતા-પિતાની પરવાનગી વિના એકઠું કરી રહી છે.

### ચૂંટણી પંચે અભિનેતાને મોટી જવાબદારી સોંપી

## રાજકુમાર રાવને ચૂંટણી પંચે નેશનલ આઈકોન બનાવ્યો

। નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતીય ચૂંટણી પંચે આ વખતે અભિનેતા રાજકુમાર રાવ ને પોતાનો નેશનલ આઈકોન બનાવવાનો નિર્ણય કર્યો છે. રાજકુમાર રાવને આવતીકાલે પંચ નેશનલ આઈકોન તરીકે નિયુક્ત કરશે. નેશનલ આઈકોન લોકોને મતદાનને લઈને જાગૃત કરે છે અને તેમનો પ્રયાસ મતદાનની ટકાવારી વધારવાનો છે. હિન્દી ફિલ્મોના અભિનેતા



રાજકુમાર રાવે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે અને તેમની ઘણી ફિલ્મો હિટ રહી છે પરંતુ 'ન્યૂટન' એક એવી ફિલ્મ છે જેણે તેમને એક અલગ જ ઓળખ આપી હતી. રાજકુમાર રાવને ૨૦૧૭માં રિલીઝ થયેલી આ ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. આ ફિલ્મમાં રાજકુમાર રાવ નૂતન કુમાર નામના સરકારી ક્લાર્કના રોલમાં જોવા મળ્યો હતા. નૂતન કુમાર એક ક્લાર્ક હતા જે નિષ્પક્ષ અને મુક્ત ચૂંટણીઓ કરાવવા માટે પ્રતિબદ્ધ હતા. ચૂંટણી પંચ તેમના આ રોલના ફાયદો ઉઠાવીને મતદાન માટે ઉત્સાહ પેદા કરવા માંગે છે.

### જીવનરક્ષક સારવારને સક્ષમ કરવા સહિતની શોધ

## અમેરિકામાં બે ભારતીય મૂળના વૈજ્ઞાનિકોને અમેરિકા રાષ્ટ્રપતિ જો બાયડે સન્માનિત કર્યા

। વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકાના વ્હાઈટ હાઈસ ખાતે બે ભારતીય અમેરિકન વૈજ્ઞાનિકોને રાષ્ટ્રપતિ જો બાયડેન દ્વારા નેશનલ ટેક્નોલોજી એન્ડ ઈનોવેશન મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નેશનલ મેડલ ઓફ સાયન્સ એ રાષ્ટ્રનું સર્વોચ્ચ વૈજ્ઞાનિક સન્માન છે. અમેરિકિ રાષ્ટ્રપતિ જો બાયડેને ગઈકાલે વ્હાઈટ હાઉસમાં બે ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક અશોક ગાડગીલ અને સુબ્રા સુરેશ ને નેશનલ મેડલ ઓફ ટેકનોલોજી એન્ડ ઈનોવેશન



અને નેશનલ મેડલ ઓફ સાયન્સ એનાયત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ વૈજ્ઞાનિકોએ જીવનરક્ષક તબીબી સારવારને સક્ષમ કરવા, એપીયોઈડ રોગચાળા સામે લડવામાં મદદ કરવા અને ખાદ્ય સુરક્ષામાં સુધારો કરવા વગેરે સહિત ઘણી શોધ કરી છે.

## કેબિનેટ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોરને મોમેન્ટ આપી સન્માનિત કર્યું







। સંતરામપુર-સંતોષભાઈ જોષી દ્વારા, તા.૨૫ ।

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્રના બ્યૂરો ઈન ચીફ મહિસાગર સંતોષભાઈ જોષીએ ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી એવા પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોરને ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર તરફથી મોમેન્ટ આપી શુભેચ્છા પાઠવી હતી, તેઓના કાર્ય અને તેઓના સરાહનીય કાર્ય બદલ એક નાની ભેટ આપીને તેઓના આવનારા સમય માટે તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી...

CMYK

**ન્યૂઝ બ્રિફ**

## વધારાની ૨ હજાર એસટી બસ દોડાવવાનો લીધો નિર્ણય

। અમદાવાદ, તા.૨૫ ।

દિવાળીના તહેવારને લઈને એસટી વિભાગે એકશન પ્લાન બનાવ્યો છે. એસટી વિભાગે દિવાળીના તહેવાર પર વધારાની ૨ હજાર બસ દોડાવવાનું આયોજન કર્યું છે. મુસાફરોને હાલાકી ના પડે તે માટે આ વ્યવસ્થા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો છે બાકી ત્યારે ગુજરાત વાહન વ્યવહાર નિગમ તરફથી તહેવારો દરમિયાન વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

દિવાળીના તહેવારો દરમિયાન લોકો મોટા પ્રમાણમાં પોતાના વતને જતા હોય છે ત્યારે વતન જતા મુસાફરોને કોઈ હાલાકી ન પડે તે માટે એસટી વિભાગ તરફથી વધારાની બસો દોડાવવાનું આયોજન કર્યું છે. ચાલુ વર્ષે દિવાળીએ ગુજરાત એસટી નિગમ તરફથી અંદાજિત ૨ હજાર જેટલી વધારાની બસો પ્રવાસીઓ માટે દોડાવવાનો નિર્ણય કરાયો છે. આ વખતે એસટી નિગમ તરફથી શ્રમિક વર્ગને પણ કોઈ હાલાકી ન પડે તેની તકેદારી રાખી છે. વતન જવા માંગતા શ્રમિકોને પોતાના નિશ્ચિત સ્થળ પરથી એક સાથે બસના તમામ પ્રવાસી જેટલી સંખ્યા થાય તો એસટી નિગમ ઓન ડિમાંડ બસ સ્થળ પર પહોંચાડશે. જ્યાંથી તેમને વતનમાં પહોંચાડવામાં આવશે. અગાઉ ગયા સપ્તાહમા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે રાજ્યભરમાં કટકીબાજ કંડકટરો સામે કાર્યવાહી કરી હતી.

# અરવલ્લી GIDCમાં આવેલી ફેક્ટરીમાં લાગી ભીષણ આગ

## સરપંચના જણાવ્યા પ્રમાણે મંગળવારે રાતે ત્રણ કલાકે આ આગ લાગી છે, અરવલ્લી જિલ્લામાં મેજર કોલ જાહેર કરવામાં આવ્યો છે

। અરવલ્લી, તા.૨૫ ।

શામળાજીની અસાલ GIDCમાં ઈકો વેસ્ટ નામની કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી છે. આ ફેક્ટરી છેલ્લા ચાર મહિનાથી બંધ હતી. અહીં લાગેલી ભીષણ આગને કાબૂમાં લેવા માટે ૧૦ ગાડીઓ આગ બૂઝાવવા માટે બોલાવવામાં આવી છે. અહીં ગાંધીનગર, મહેસાણા, હિંમતનગર, ઈડરથી ફાયરની ટીમો બોલાવવામાં આવી છે. હાલ સ્થાનિક પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. હાલ આ આગ કયા કારણોસર લાગી છે તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, અસાલની જીઆઈડીસીમાં આવેલી ઈકો વેસ્ટ નામની બંધ કંપનીમાં આગ લાગી છે. આ આગ મોડી રાતના ત્રણ કલાકે લાગી હતી. આ કંપની છેલ્લા ચાર મહિનાથી બંધ હતી. જેથી સદનસીબે અંદર કોઈ માણસ હતા નહીં. માત્ર એક ચોકીદાર બહાર હતો. ચોકીદારે આગ જોતાની સાથે કંપનીમાં જાણ કરી હતી. આ કંપનીમાં ૬૦થી વધારે કેમિકલ ભરેલા ટેક્રોમાં આગ લાગતા આસપાસની ફેક્ટરીના લોકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. આ આગ એટલી વિકરાળ હતી કે, દૂર દૂરથી ઘૂમાડાના ગોટેગોટા દેખાઈ રહ્યા હતા. સરપંચ, રાહુલ ગામેતીના જણાવ્યા પ્રમાણે મંગળવારે રાતે ત્રણ કલાકે આ આગ લાગી છે. અરવલ્લી જિલ્લામાં મેજર કોલ જાહેર કરવામાં આવ્યો છે. આ આગને બૂઝાવવા માટે ગાંધીનગરથી એક ગાડી, ઈડર અને હિંમતનગરમાંથી બે ગાડી જ્યારે મહેસાણા અને દહેગામમાંથી એક એક ગાડી બોલાવવામાં આવી છે. આ આગ ઘણી જ વિકરાળ સ્વરૂપમાં છે. આ કંપનીના મેનેજર અનિલભાઈના જણાવ્યા પ્રમાણે, અહીં કોઈ માણસ ન હતા. માત્ર એક વોચમેન હતો. તેને આગ જોતાની સાથે જ માહિતી આપી હતી. ૫૦થી વધારે ટેક્રો હતા અને બહાર ડ્રમ્સ પણ પડ્યા હતા.




### માતા-પિતા માટે ચેતવણી સમાન વધુ એક કિસ્સો

# સુરતમાં દોઢ વર્ષનું બાળક રમત-રમતમાં પીનનું શોકેટ ગળી ગયો

। સુરત, તા.૨૫ ।

સુરતના પાંડેસરા વિસ્તારની આ ઘટના છે, જ્યાં દોઢ વર્ષનું બાળક પીનનું શોકેટ ગળી જતાં પરિવાર મુશ્કેલીમાં મુકાયો હતો. રમતા-રમતા બાળક શોકેટ ગળી ગયો હતો. જોકે, બાળકે ઉલટી કરતાં પરિવારને ખ્યાલ આવ્યો હતો. જે બાદ બાળકને સુરત નવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સફળ સર્જરી કરી શોકેટ બહાર કઢાયું હતું. તાજેતરમાં જ સુરતમાં આવી જ એક ઘટના સામે આવી હતી. પાંચ વર્ષનું બાળક રમતાં રમતાં સ્ક્રૂ ગળી ગયું હતુ. જેથી તેને શ્વાસ લેવામાં તકલીફ થતા બાળકને નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. નવાપુરાના વતની પરિવારના બાળક સાથે આ અકસ્માત સર્જાયો હતો. નવાપુરના કંરજાળી ગામમાં રહેતા સાજન ગાવીતનો ૫ વર્ષીય પુત્ર ચહલ રમતાં રમતાં ૬ સેમીનો સ્ક્રૂ ગળી ગયો હતો. જે બાદ બાળકને ઉલટીઓ થતા તેણે માતાને જાણ કરી હતી. જેથી તેને તાત્કાલિક નંદુરબાર લઈ ગયા હતા.

# ગરબા રમવા બાબતે બહુચરાજી ગામે બે જૂથ વચ્ચે અથડામણ

। મહેસાણા, તા.૨૫ ।

મહેસાણાના બહુચરાજીના કરણસાગરમાં જૂથ અથડામણની ઘટના બની હતી. મળતી જાણકારી અનુસાર, બહુચરાજીના કરણસાગરમાં ગરબા રમવા બાબતે બે જૂથ વચ્ચે અથડામણની ઘટના બની હતી. જૂથ અથડામણમાં બંન્ને પક્ષો વચ્ચે પથ્થરમારો પણ થયો હતો. જૂથ અથડામણની ઘટનામાં બે લોકોને ઈજા પણ પહોંચી હતી. પોલીસે આ મામલે ૧૩ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. કરણસાગરમાં ગરબા રમવા બાબતે એક જ કોમના બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો. જૂથ અથડામણમાં બે લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા બહુચરાજી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ગામમા કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. બંન્ને જૂથના કુલ ૧૩ લોકો સામે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ગઈકાલે મહેસાણાના કડી તાલુકાના વરઘોડાગામે પશું રોડ પરથી હટાવવા મુદ્દે જૂથ અથડામણ થઈ હતી. રોડ પર બાઈક લઈ આવતા એક યુવાને પશુઓને રસ્તા પરથી હટાવવાનું કહેતા મારામારી થઈ હતી. પશુઓ રોડ પરથી હટાવાનું કહેતા ૧૦ જેટલા લોકોએ હુમલો કર્યો હતો. કડી પોલીસે હુમલો કરનાર ૧૦ પશુપાલકો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.



### રાજ્યમાં ફરી એકવાર કાયદાના ધજાગરા ઉડ્યા

# બોટાદમા કાર ઉપર બેસીને બંદૂકથી હવામાં ફાયરિંગ કરતો વીડિયો વાયરલ થયો



। બોટાદ, તા.૨૫ ।

રાજ્યમાં ફરી એકવાર કાયદાના ધજાગરા ઉડ્યા છે. યુવાનોમાં જાણે કે પોલીસનો કોઈ ડર ન હોય તેમ થોડા ફોલોઅર્સની લાલચમાં અવનવા વીડિયો બનાવી વાયરલ કરતાં હોય છે. આવો જ એક વીડિયો બોટાદમાં વાયરલ થયો છે. બોટાદમાં કાર ઉપર બેસીને બંદૂકથી હવામાં ફાયરિંગ કરતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. જેને લઈ પોલીસમાં અરજી કરવામાં આવી છે. લાઠીદડ ગામના જગદીશભાઈ ભૂવા નામના શખ્સે થાર કારપર બેસીને હવામાં ફાયરીંગ કરતો વીડિયો સોશિયલ મીડિયા વાયરલ કર્યો હતો. જેને લઈ કારીયાણી ગામના જયલુભાઈ રાજભાઈ ખાંચરે એસઓજી પોલીસમા અરજી કરી છે. જેમાં ૨૩ ઓક્ટોબરે વીડિયો વાયરલ કર્યાનો ઉલ્લેખ છે. ઉપરાંત ફાયરિંગ કરતો વીડિયો વાયરલ કરી જાહેરનામાનો ભંગ કરવા બદલ જગદીશભાઈ ભૂવા પર કડક કાર્યવાહી કરવા અરજીમાં ઉલ્લેખ છે.

### હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં તસ્કરોનો ત્રાસ વધવા લાગ્યો

# નવરાત્રીના ગરબાની સાઉન્ડ સિસ્ટમ તસ્કરો ચોરી કરી ગયા

## પોલીસે બંનેની પૂછપરછ કરતા ચોરીની બાઈક ઉપરાંત સાઉન્ડ સિસ્ટમની ચોરીનો ભેદ એક સપ્તાહ બાદ ઉકેલાયો છે

। સાબરકાંઠા, તા.૨૫ ।

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં તસ્કરોનો ત્રાસ વધવા લાગ્યો છે. હિંમતનગરના દેસાસણ ગામે ગત ૧૭ ઓક્ટોબરે નવરાત્રીના ગરબાની સાઉન્ડ સિસ્ટમ ચોરી થઈ ગઈ હતી. જોકે આ દરમિયાન ગાંભોઈ પોલીસને ચોરીના બાઈક સાથે બે યુવકો પેટ્રોલિંગ દરમિયાન હાથ લાગ્યા હતા. પોલીસે બંનેની પૂછપરછ કરતા ચોરીની બાઈક ઉપરાંત સાઉન્ડ સિસ્ટમની ચોરીનો ભેદ એક સપ્તાહ બાદ ઉકેલાયો છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં તસ્કરોનો ત્રાસ વધવા લાગ્યો છે. હિંમતનગરના દેસાસણ ગામે ગત ૧૭ ઓક્ટોબરે નવરાત્રીના ગરબાની સાઉન્ડ સિસ્ટમ ચોરી થઈ ગઈ હતી.

જોકે આ દરમિયાન ગાંભોઈ પોલીસને ચોરીના બાઈક સાથે બે યુવકો પેટ્રોલિંગ દરમિયાન હાથ લાગ્યા હતા. પોલીસે બંનેની પૂછપરછ કરતા ચોરીની બાઈક ઉપરાંત સાઉન્ડ સિસ્ટમની ચોરીનો ભેદ એક સપ્તાહ બાદ ઉકેલાયો છે. ઝડપાયેલા આરોપીઓએ હિંમતનગર વિસ્તારમાં ચોરીની ચાર જેટલી ઘટનાઓને અંજામ આપ્યો હોવાનુ ખુલ્યુ છે. આરોપીઓએ ગાંભોઈ પોલીસ મથક વિસ્તારમાં એક અને હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨ તથા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક ગુનો આચર્યો હોવાની ફરિયાદ નોંધાયેલી છે. ગાંભોઈ પોલીસને એક બાઈક ચોરીના ગુનાએ ચાર ચોરીના ભેદ ઉકેલી આપતા રાહત સર્જાઈ છે. નવરાત્રીને લઈ જિલ્લા ભરમાં આયોજન ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યા હતા. શાંતિપૂર્વક રીતે નવરાત્રીના તહેવાર સમાપ્ત થયા છે.

### હેરાન કેમ કરો છો કહીને ફટકાર્યા

# સાબરમતી જેલના જેલ સહાયક ઉપર આરોપીઓનો હુમલો

## જેલની બહાર જેલ સહાયક આવ્યા ત્યારે જ તેમની સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને બાદમાં માર મારી છરીનો ઘા મારી લૂંટ ચલાવી

। અમદાવાદ, તા.૨૫ ।

સાબરમતી જેલમાં રહીને આવેલા શખ્સે તેના ભાઈ અને સાગરીતો સાથે મળીને જેલ સહાયક સાથે બબાલ કરી હતી. જેલની બહાર જેલ સહાયક આવ્યા ત્યારે જ તેમની સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને બાદમાં માર મારી છરીનો ઘા મારી લૂંટ ચલાવી હતી. આ મામલે જેલ સહાયકે રાણીપ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે, મૂળ બનાસકાંઠાના અને હાલ સાબરમતી જેલ સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતા અશોકભાઈ ચૌધરી વર્ષ ૨૦૧૮માં જેલ વિભાગમાં ભરતી થયા હતા અને હાલ અમદાવાદ સાબરમતી મધ્યસ્થ જેલમાં જેલ સહાયક તરીકે નોકરી કરે છે. સોમવારે તેમને ઈમરજન્સી કાચા કામના આરોપીની સારવાર કરાવવાની નોકરી ફાળવવામાં આવતા આરોપીને લઈને સિવિલ હોસ્પિટલ ગયા હતા. સાંજે પરત આવીને કાચા કામના આરોપીને નવી સેન્ટ્રલ જેલમાં જમા કરાવી ગેટમાંથી બહાર નીકળ્યા ત્યારે અગાઉ જેલમાં રહી ચૂકેલો આરોપી રઈશખાન પઠાણ, તેનો ભાઈ ફુરકાન પઠાણ અને અન્ય બે શખ્સો ઉભા હતા. રઈશખાને અશોકભાઈને બોલાવીને ઉભા રાખ્યા હતા અને આ ચારેય શખ્સોએ કેમ તમે મારા ભાઈ તબરેઝ પઠાણને જેલમાં હેરાન કરો છો કહીને બોલાચાલી ઝઘડો શરૂ કર્યો હતો.

**વિશેષ લેખ**

### નાસાએ મંગળ પર ૧૨૨ ગ્રામ ઓક્સિજન બનાવ્યો

# મંગળ પરના પર્સિવરન્સ રોવર સાથેના મોકસી નામના વૈજ્ઞાનિક ઉપકરણે મંગળના વાતાવરણમાંના કાર્બન ડાયોક્સાઇડમાંથી પ્રાણવાયુ છૂટો પાડયો



**સાંપ્રત પ્રવાહો**


લેખક : દીપક જગતાપ

પૃથ્વી સિવાય અન્ય ગ્રહ પર ઓક્સિજન છે કે નહીં તે માટે સેંકડો વર્ષોથી વૈજ્ઞાનિકો સંશોધન કરી રહ્યાં છે. જેમાંનાસાના વૈજ્ઞાનિકોને આ દિશામાં સફળતા મળી છે. નાસાએ મંગળ પર ૧૨૨ ગ્રામ ઓક્સિજન બનાવ્યોછે. અંતરીક્ષ સંશોધનના વિશ્વ ના દેશો સંશોધન કરી રહ્યાં છે ત્યારે મંગળના ગ્રહ પર ઓક્સિજન બનાવવવા ના પ્રયોગે નવું આશાનું કિરણ જન્માવ્યું છે.

અમેરિકાની અંતરીક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ને સૌર મંડળના લાલ ગ્રહ મંગળ પર ઓક્સિજન (પ્રાણવાયુ)નું સર્જન કરવામાં સોનેરી સફળતા મળી છે. નાસાએ મંગળના વાતાવરણ માંના કાર્બન ડાયોક્સાઈડમાંથી ઓક્સિજનનું સર્જન કર્યુ છે.મંગળ પર સર્જાયેલો ઓક્સિજન પૃથ્વી પરનો માનવી અને પ્રાણીઓ-પક્ષીઓ પણ તેના શ્વાસમાં લઈ શકે તેવો જ છે. આ ઐતિહાસિક સફળતા સાથે નાસાને તેના ૨૦૩૦માં મંગળ પર સમાનવ અવકાશયાન મોકલવાની અને ભવિષ્યમાં આ જ રાતા ગ્રહની ધરતી પર માનવ વસાહત પણ બનાવવાની મહત્વાકાંક્ષી યોજનામાં પણ સફળતા મળશે. નાસાનાં સૂત્રોએ એવી જાહેરાત પણ કરી છે કે હાલ મંગળની ધરતી પર સંશોધન કરી રહેલા અમારા પર્સિવરન્સ રોવર સાથે માર્સ ઓક્સિજન ઈન સિટુ રિસોર્સ યુટિલાઈઝેશન એક્સપરિમેન્ટ (એમ.ઓ. એક્સ.આઈ.ઈ.-મોક્સી) નામનું અત્યાધુનિક વૈજ્ઞાનિક ઉપકરણ જોડાયેલું છે.આ મોક્સી ઉપકરણ દ્વારા થયેલા પ્રયોગો દ્વારા ઓક્સિજનનું સર્જન થયું છે.

નાસાનું પર્સિવરન્સ રોવર ૨૦૨૧ની ૧૮, ફેબ્રુઆરીએ મંગળના જેઝેરો ઉલ્કાકુંડ નજીક ઉતર્યું હતું. છ પૈડાંનું અને અત્યાધુનિક ટેકનોલોજીવાળા પર્સિવરન્સ રોવર સાથે મોક્સીવૈજ્ઞાનિક ઉપકરણ જોડાયલું છે. રોવર અને મોક્સી સતત બે વર્ષથી મંગળના જેઝેરો ઉલ્કાકુંડ નજીકના વિસ્તારની માટીના નમૂના લઈને તેમાં રહેલાં કુદરતી રસાયણોનું, લાલ ગ્રહના વાતાવરણનું સંશોધન કરી રહ્યું છે.

નાસાના ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેશન, સ્પેસ ટેકનોલોજી મિશન્સ ડાયરેક્ટોરેટના ડાયરેક્ટર ટૂડાય કોર્ટેસે ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે અમને મોક્સી ઉપકરણ દ્વારા સતત બે વર્ષના સઘન પ્રયોગો બાદ મંગળ ગ્રહના વાતાવરણમાં રહેલા કાર્બન ડાયોક્સાઈડમાંથી ઓક્સિજનનું સર્જન કરવામાં સફળતા મળી છે. અત્યારસુધીમાં મોક્સી ઉપકરણ દ્વારા મંગળના વાતાવરણમાં ૧૨૨ ગ્રામ જેટલા શુદ્ધ ઓક્સિજનનું સર્જન થઈ શક્યું છે. મોક્સી વૈજ્ઞાનિક ઉપકરણે દર કલાકે મંગળના વાતાવરણમાંના કાર્બન ડાયોક્સાઈડમાંથી ૧૨ ગ્રામ શુદ્ધ ઓક્સિજનનું સર્જન



કર્યું છે.ખરેખર તો ઓક્સિજનનું આટલું પ્રમાણ અમારા લક્ષ્યાંક કરતાં બમણું છે. મોક્સી ઉપકરણે ૨૦૨૩ની ૧૭, ઓગસ્ટે મંગળના વાતાવરણમાંના કાર્બન ડાયોક્સાઈડમાંથી ઓક્સિજન બનાવવાનો છેલ્લો પ્રયોગ કર્યો છે.

મહત્વની બાબત તો એ છે કે રાતા ગ્રહના વાતાવરણમાં પહેલી જ વખત સર્જાયેલો પ્રાણવાયુ પૃથ્વી પર સતત ૧૦ કલાક સુધી તેના શ્વાસમાં લઈ શકે તેટલો છે. ટૂડાય કોર્ટેસે આ અદભૂત અને યાદગાર પ્રયોગની વિગતો સમજાવતાં કહ્યું હતું કે મોક્સી વૈજ્ઞાનિક ઉપકરણ ખરેખર તો કદમાં બહુ નાનું છે. જોકે મોક્સીની ટેકનોલોજી બહુ વિશિષ્ટ છે. મોક્સી તેના પ્રયોગ દરમિયાન રાતા ગ્રહના વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડનો ૯૬ ટકા જેટલો જથ્થો લે છે. ત્યારબાદ તે કાર્બન ડાયોક્સાઈડનાં સુક્ષ્મ કણો છૂટાં પાડે છે.આ વૈજ્ઞાનિક પ્રક્રિયા દરમિયાન કાર્બનનો એક અણુ અને ઓક્સિજનના બે અણુ છૂટા પડે છે. જ્યારે કાર્બન મોનોક્સાઈડ કચરારૂપે બહાર ફેંકાઈ જાય છે.

મહત્વનો મુદ્દો તો એ પણ છે કે મોક્સી ઉપકરણે તો રાતા ગ્રહ પર ગરમી સામે રક્ષણ મેળવી શકાય તેવી ગોલ્ડ(સોનું) અને અરોજલ નામની ધાતુઓ પણ બનાવી છે. જોકે આ બંને ધાતુઓ બનાવવાની પ્રક્રિયા માટે ઉંચા તાપમાનની જરૂર રહે છે.

મોક્સી વૈજ્ઞાનિક ઉપકરણ પ્રોજેક્ટના પ્રિન્સિપલ ઈન્વેસ્ટિગેટર મિશેલ હેચ કહે છે, અમારા મોક્સીને મળેલી ઉજળી સફળતાથી ભવિષ્યમાં ઘણા ફાયદા થઈ શકે તેમ છે.ઉદાહરણરૂપે અમારા ભાવિ સમાનવ મૂન મિશન અને સમાનવ માર્સ મિશનમાં મોક્સી દ્વારા આ જરૂરી માત્રામાં ઓક્સિજનનું સર્જન કરી શકાશે.અમારા અવકાશયાત્રીઓ ચંદ્ર અને મંગળ પર જાય ત્યારે અને ત્યાં ભાવિ માનવ વસાહત બને ત્યારે મોક્સી દ્વારા પૂરતી માત્રામાં ઓક્સિજનનું સર્જન કરી શકાશે.સરળ રીતે સમજીએ તો ભવિષ્યમાં પૃથ્વીનો માનવી ચંદ્ર પર અને મંગળ પર જાય, ત્યાં રહીને સંશોધન કરીને પાછો પૃથ્વી પર આવે તે તમામ યાત્રા દરમિયાન મોક્સી ઉપકરણો બહુ જ ઉપયોગી બની રહેશે. નાસાના અવકાશ યાત્રીઓ એટલે કે પૃથ્વીનો માનવી પહેલી જ વખત સૂર્ય મંડળના રાતા ગ્રહ મંગળની ધરતી પર પગ મૂકે તે ઐતિહાસિક સફળતા કદાચ ધારણા કરતાં વહેલી શક્ય બનશે.આમ છતાં અમારે આ દિશામાં હજી ઘણું ઘણું મહત્વનું સંશોધન પણ કરવાનું છે.

અમેરિકી સ્પેસ એજન્સી 'નાસા'એ મંગળ ગ્રહ પર ઓક્સિજન મળ્યાનો દાવો કર્યો છે. સોફિયા ટેલીસ્કોપ ને મંગળ પર ઓક્સિજનના કણ મળ્યા છે, જેને મંગળ પર જીવનની સંભાવનાઓની દિશામાં એક નવી આશા માનવામાં આવી રહી છે. આ અગાઉ 'નાસા'એ મંગળ ગ્રહ પર પાણી હોવાનો પણ દાવો કર્યો હતો. ધરતી પરના ઓક્સિજનથી અલગ...

- 'નાસા'ને મંગળ પર જે એટમિક ઓક્સિજન મળ્યો છે તેમાં ધરતી પરના ઁર (ઓક્સિજન)થી એક કણ ઓછો છે.જોકે, તે ઓઝોનનું આવરણ રચવા માટે સક્ષમ છે. ઓઝોનનું આવરણ પ્લેનેટને અલ્ટ્રાવાયોલેટ કિરણોથી થતા નુકસાન સામે રક્ષણ આપે છે અને તેના થકી જ જીવસૃષ્ટિ શક્ય છે.સોફિયાના પ્રોગ્રામ ડાયરેક્ટર ડાના બેકમેને જૅટ્ફષ્ઠી.ર્ષ્ઠદ્બને જણાવ્યું કે મંગળ પર ઓક્સિજન મળવો એ ત્યાં જીવનની સંભાવના છે કે નહીં તે કોયડાનો મહત્વનો હિસ્સો છે.વેબસાઈટના જણાવ્યાનુસાર, મંગળ પર મળેલો એટમિક ઓક્સિજન ઁરથી વધુ રિએક્ટિવ (પ્રતિક્રિયાશીલ) છે.મતલબ કે તે વાતાવરણમાં વધુ દિવસો સુધી નથી રહી શકતો.

### એશિયન પેરા ગેમ્સમાં ભારતીય એથ્લેટ્સનો શાનદાર દેખાવ

## સુંદરસિંહ ગુર્જરે પુરુષોની ભાલા ફેંક-એફ૪૬ ફાઈનલમાં ગોલ્ડ જીત્યો હતો



। હાંગઝોઉ, તા.૨૫ ।

એશિયન પેરા ગેમ્સમાં ભારતીય એથ્લેટ્સ શાનદાર દેખાવ કરી રહ્યા છે. ભારતના સુંદર સિંહ ગુર્જરે બુધવારે ચીનના હાંગઝોઉમાં એશિયન પેરા ગેમ્સમાં પુરુષોની ભાલા ફેંક-એફ૪૬ ફાઈનલમાં ગોલ્ડ જીતવા માટે વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો. સુંદરના ૬૮.૬૦ મીટર થ્રોએ તેના છઠ્ઠા અને અંતિમ પ્રયાસમાં શ્રીલંકાના દિનેશ પ્રિયંતાનો ૬૭.૭૯નો અગાઉનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો હતો. ભારતીયોના થ્રોએ ગેમ્સ અને એશિયન રેકોર્ડને પણ પાછળ છોડી દીધા.

ભારત આ ઈવેન્ટમાં ૧-૨-૩ થી જીત મેળવીને પોડિયમ સ્વીપ કરવામાં સફળ રહ્યું હતું. રિંકુ અને અજીત સિંહે પણ ગેમ્સ રેકોર્ડ તોડ્યો હતો પરંતુ સિલ્વર અને બ્રોન્ઝ જીતવા માટે તેઓ માત્ર ૬૭.૦૮ મીટર અને ૬૩.૫૨ ફેંકવામાં સફળ રહ્યા હતા.

ઓલિમ્પિક અને વિશ્વ ચેમ્પિયન રહેલા સુમિત એંટિલે સફળતાપૂર્વક પોતાના ગોલ્ડ મેડલનો બચાવ કર્યો હતો જ્યારે પુરુષોની જેવલિન એફ૬૪ ઈવેન્ટમાં પોતાનો વર્લ્ડ રેકોર્ડ પણ સુધાર્યો હતો. ૬૬.૨૨ મીટરના તેના પ્રથમ થ્રો સાથે, સુમિતે સરળતાથી ૫૬.૨૯ મીટરનો ગેમ્સ રેકોર્ડ તોડી નાખ્યો જે તેણે ૨૦૧૮માં જકાર્તામાં બનાવ્યો હતો. તેનો બીજો થ્રો ૭૦.૪૮ મીટરમાં માપવામાં આવ્યો હતો, જે તેણે આ વર્ષની શરૂઆતમાં પેરિસમાં વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં હાંસલ કરેલા ૭૦.૮૩ મીટરના વિશ્વ વિક્રમ માર્કથી થોડો ઓછો હતો. જો કે, આખરે તેણે તેના ત્રીજા પ્રયાસમાં ૭૩.૨૯ મીટરના જંગી થ્રો રેકોર્ડ બનાવ્યો હતો.

### સાઉથ આફ્રિકાએ બાંગ્લાદેશને ૧૪૯ રને હરાવ્યું

## વિકેટકીપર અને બેટર તરીકે વર્લ્ડ કપમાં ડી કોકની સૌથી મોટી ઈનિંગ્સ

### ડી કોકે ૧૭૪ રનની ઈનિંગ સાથે ૧૬ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો




। નવી દિલ્હી, તા.૨૫ ।

સાઉથ આફ્રિકાએ ગઈકાલે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૨૩મી મેચમાં બાંગ્લાદેશને ૧૪૯ રનના અંતરથી હરાવ્યું હતું. સાઉથ આફ્રિકા માટે ક્વિંટન ડી કોકે શાનદાર ૧૭૪ રનની ઈનિંગ રમી હતી. આ સદી ફટકારતા સાથે જ ક્વિંટન ડી કોકે ૧૬ વર્ષ જૂનો રેકોર્ડ તોડી દીધો હતો. તે વિકેટકીપર બેટ્સમેન તરીકે વર્લ્ડકપમાં સૌથી મોટી ઈનિંગ રમનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટને પાછળ છોડી દીધો છે.

એડમ ગિલક્રિસ્ટે વન-ડે વર્લ્ડ કપ ૨૦૦૭માં ૧૪૯ રનની ઈનિંગ રમી હતી. ક્વિંટન ડી કોકે ગઈકાલે શ્રીલંકા સામે ૧૭૪ રન બનાવીને આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ડી કોકની આ ત્રીજી સદી હતી. એક વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માના નામે છે. રોહિતે વન-ડે વર્લ્ડ કપ ૨૦૧૯માં ૫ સદી ફટકારી હતી. આ ડી કોકના વનડે કરિયરની ૨૦મી સદી હતી. આ સાથે જ તેણે વનડેમાં સૌથી ઝડપી ૨૦ સદી ફટકારવાના મામલામાં રોહિત શર્મા, સચિન તેંડુલકર અને એબી ડીવિલિયર્સને પાછળ છોડી દીધા છે.

એબી ડીવિલિયર્સે વનડેમાં ૧૭૫ ઈનિંગ્સમાં ૨૦ સદી પૂરી કરી હતી જયારે ડી કોકે આ કમાલ ૧૫૦ ઈનિંગ્સમાં કરી બતાવ્યું છે. વનડેમાં સૌથી ઝડપી ૨૦ સદી ફટકારવાનો રેકોર્ડ હાશિમ અમલાના નામે છે. ડી કોક સાઉથ આફ્રિકા તરફથી સૌથી ઝડપી ૨૦ સદી ફટકારનાર બીજો બેટ્સમેન બની ગયો છે. જયારે વન-ડે વર્લ્ડ કપની એક સિઝનમાં સાઉથ આફ્રિકા તરફથી ૩ સદી ફટકારનાર તે પ્રથમ બેટ્સમેન બની ગયો છે.

વનડેમાં સૌથી ઝડપી ૨૦ સદી ફટકારનાર બેટ્સમેન, હાશિમ અમલા-૧૦૮ ઈનિંગ્સ, વિરાટ કોહલી-૧૩૩ઈનિંગ્સ, ક્વિન્ટન ડી કોક-૧૫૦ ઈનિંગ્સ, એબી ડીવિલિયર્સ-૧૭૫ ઈનિંગ્સ, રોહિત શર્મા-૧૮૩ ઈનિંગ્સ, સચિન તેંડુલકર-૧૯૭ઈનિંગ્સ

### એશિયન પેરા ગેમ્સમાં

## ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે જીત્યો હતો બ્રોન્ઝ મેડલ

### એશિયન પેરા ગેમ્સના ત્રીજા દિવસની શરૂઆતમાં પેરા એથ્લેટ સુમિત એન્ટિલે ઈતિહાસ રચ્યો હતો



। નવી દિલ્હી, તા.૨૫ ।

એશિયન પેરા ગેમ્સમાં ત્રીજા દિવસે ગુજરાતની ટેબલ ટેનિસની મહિલા ખેલાડી ભાવિના પટેલે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભાવિના પટેલે ટેબલ ટેનિસ મહિલા સિંગલ્સમાં ક્લાસ ૪ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. એશિયન પેરા ગેમ્સના ત્રીજા દિવસની શરૂઆતમાં ભારતના પેરા એથ્લેટ સુમિત એન્ટિલે ઈતિહાસ રચ્યો હતો. તેણે હાંગઝોઉમાં ચાલી રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. સુમિતે ૭૩.૨૯ મીટરના અસાધારણ થ્રો સાથે ગોલ્ડ મેડલ મેળવીનો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો સાથે જ પુષ્પેન્દ્ર સિંહે ૬૨.૦૬ મીટરના જોરદાર થ્રો સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

પ્રાચી યાદવ મંગળવારે અહીં એશિયન પેરા ગેમ્સમાં પેરા કેનોઈંગ (સેઈલ સેલિંગ) માં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય બની હતી. તેણે સતત બીજા દિવસે દેશ માટે મેડલ જીત્યો. ભારતે મંગળવારે સ્પર્ધાના બીજા દિવસે ચાર ગોલ્ડ સહિત ૧૮ મેડલ જીત્યા હતા. આ સાથે દેશના કુલ મેડલની સંખ્યા ૩૫ થઈ ગઈ છે. ભારત ટેબલમાં ૧૦ ગોલ્ડ, ૧૨ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ સાથે ચીન (૧૫૫), ઈરાન (૪૪) અને ઉઝબેકિસ્તાન (૩૮) પાછળ છે. સોમવારે કેનોઈંગ ફન્ર કેટેગરીમાં સિલ્વર મેડલ જીતનારી પ્રાચીએ **KL2** ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને આ ગેમ્સનો બીજો મેડલ જીત્યો હતો. દીપ્તિ જીવનજી (મહિલા **T20 400m**), શરથ શંકરપ્પા મકનહલ્લી (પુરુષોની **T13 5000** મીટર) અને નીરજ યાદવ (પુરુષોની **F54/55/56** ડિસ્કસ થ્રો) મંગળવારે અન્ય ગોલ્ડ મેડલ વિજેતા હતા. ૨૮ વર્ષની પ્રાચીએ **KL2** ઈવેન્ટમાં ૫૦૦ મીટરનું અંતર કાપ વામાં ૫૪.૯૬૨ સેકન્ડનો સમય લીધો હતો. તે ગ્વાલિયરની રહેવાસી છે. આ પછી દીપ્તિએ મહિલા ટી૨૦ કેટેગરીમાં ૪૦૦ મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. એથ્લેટ્સ માટેની આ સ્પર્ધામાં દીપ્તિએ ૫૬.૬૯ સેકન્ડના સમય સાથે ગેમ્સ અને એશિયન રેકોર્ડ બનાવ્યો. મકનહલ્લી ૨૦:૧૮.૯૦ ના સમય સાથે દૃષ્ટિહીન દોડવીરો દ્વારા ૫૦૦૦ મીટરની સ્પર્ધા જીતી હતી. આ ઈવેન્ટમાં માત્ર બે જ ખેલાડીઓએ ભાગ લીધો હોવાથી માત્ર એક ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો. ભારતીયોએ પુરુષોની **F54/55/56** ડિસ્કસ થ્રો ઈવેન્ટમાં ત્રણેય મેડલ જીત્યા.

## યુદ્ધના દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુનો પુત્ર યુએસમાં મોજ માણે છે



। જેરૂસાલેમ, તા.૨૫ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા કેટલાય દિવસથી ચાલી રહેલુ યુદ્ધ વધુ ઉગ્ર બની રહ્યું છે ત્યારે ઈઝરાયેલી સરકારેરિઝર્વ સૈનિકોને બોલાવ્યા છે અને આ સૈનિકોએ તેમના દેશની સુરક્ષામાટે બંદૂકો હાથમાં લીધી છે તે વચ્ચે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના પુત્ર યાયરની ચર્ચા પણ થઈ રહી છે અને સૈનિકો વડાપ્રધાનને આકરા સવાલો પુછી રહ્યા છે કે તમારો પુત્ર ક્યાં છે. એક તરફ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા કેટલાય દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે અને આ યુદ્ધ વધુ ઉગ્ર બની રહ્યું છે ત્યારે ઈઝરાયેલના વડાપ્રધાનનો ૩૨ વર્ષિય પુત્ર યાયર અમેરિકામાં મજા માણી રહ્યો હોવાથી તેની ભારે ટીકા થઈ રહી છે.

એક તરફ હમાસ સામે ૪ લાખ જેટલા યુવાનો પોતાનો જીવ જોખમમાં મુકીને યુદ્ધ લડી રહ્યા છે ત્યારે બીજી તરફ નેતન્યાહુનો પુત્ર પોતાનો જીવ બચાવીને એપ્રિલમાં જ અમેરિકાના ફ્લોરિડામાં આરામદાયક જીવન જીવી રહ્યો હોવાની માહિતી સુત્રોમાંથી મળી છે. ઈઝરાયેલના એક સૈનિકે કહ્યુ હતું કે યાયર મિયામી બીચ પર પોતાની જીવનનો આનંદ માણી રહ્યો છે અને હું ફ્રન્ટલાઈન પર ઉભો છું. અમારા પિતા અને બાળકો આ સમયે ફ્રન્ટલાઈન પર છે.

### યુદ્ધ વચ્ચે ગાઝાવાસીઓની મુશ્કેલીમાં સતત વધારો

## બંધકોની માહિતી આપનારાઓને ગાઝાવાસીઓને નાણાંની ઓફર



। જેરુસલેમ, તા.૨૫ ।

ઈઝરાયેલ-હમાસના યુદ્ધ વચ્ચે ગાઝાવાસીઓની સતત મુશ્કેલી વધતી જઈ રહી છે. મિસાઈલ હુમલાનો સામનો કરી રહેલા ગાઝામાં અનાજ-પાણીની સમસ્યા ઉભી થવાની સાથે વિજ અને ફ્યુલ સપ્લાયનું પણ સંકટ આવી ચઢ્યું છે. હમાસે ઈઝરાયેલના નાગરિકોને બંધક બનાવ્યા બાદ આક્રમક બનેલા ઈઝરાયેલે ગાઝામાં ફ્યુલ સહિતની સપ્લાય અટકાવી દીધી છે, ત્યારે ઈઝરાયેલી સેનાએ ગાઝામાં વસતા લોકોને વિનંતી કરી છે કે, તેઓ હમાસે જે સ્થળોએ ઈઝરાયેલી નાગરિકોને બંધક રાખ્યા છે, તેની માહિતી આપે. જાણકારી આપનારને નાણાંની પણ ઓફર કરવામાં આવી છે. હમાસના આતંકવાદીઓએ લગભગ ૨૦૦થી વધુ લોકોને બંધક બનાવીને રાખ્યા છે અને આ આતંકીઓનું લોકેશન જાણવા ઈઝરાયેલી સેના તમામ પ્રયાસો કરી રહી છે. ઈઝરાયેલી સુરક્ષા દળ (આઈડીએફ)એ સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં બંધક બનાવાયેલ ઈઝરાયેલી નાગરિકોને બચાવવા માટે હમાસના આતંકવાદીઓ અંગે યોગ્ય માહિતી આપનારને નાણાંની ઓફર કરાઈ છે.

ઉપરાંત આઈડીએફ માહિતી આપનાર વ્યક્તિનું નામ ગુપ્ત રાખવાનું પણ વચન આપ્યું છે. આઈડીએફે કહ્યું કે, જો તમે શાંતિથી રહેવા ઈચ્છો છો અને બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય ઈચ્છે છો તો તુરંત માનવીય કાર્ય કરો અને અમને બંધકોને છુપાવીને રાખેલા સ્થળો અંગે માહિતી આપો. ઈઝરાયેલી સેના તમને વિશ્વાસ આપે છે કે, અમે તમારા અને તમારા ઘરોને સુરક્ષા પુરી પાડવાના વધુમાં વધુ પ્રયાસો કરીશું. આ માટે તમને ઈનામરૂપે નાણાં આપવામાં આવશે. અમે તમને ગેરંટી આપીએ છીએ કે, આ કામગીરી ગુપ્ત રીતે થશે.

### અભ્યાસમાં ગ્લોબલ વોર્મિંગ અંગે ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો

# ૨૦૪૦ સુધીમાં દેશના ઘણા શહેરોમાં ગરમી ૪ થી ૧૦ ગણી વધી શકે છે

### હવામાન વિભાગના અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૬૦ સુધીમાં, ભારતીય શહેરોમાં ગરમીના મોજાનો સમયગાળો વધશે અને આ વધારો ૧૨ થી ૧૮ દિવસનો હોઈ શકે છે



। નવી દિલ્હી, તા.૨૫ ।

ટેક્નોલોજીની મદદથી ઝડપથી વિકસી રહેલા વિશ્વની સાથે કાર્બન ઉત્સર્જનમાં વધારો થવાને કારણે સમગ્ર વિશ્વમાં પૃથ્વીના પર્યાવરણ માટે ગ્લોબલ વોર્મિંગ સૌથી મોટો ખતરો બનીને ઉભરી આવ્યું છે. જો સમગ્ર વિશ્વમાં કાર્બન ઉત્સર્જન આ રીતે ચાલુ રહેશે, તો તે પૃથ્વીને સળગતી ભઠ્ઠીમાં ફેરવશે જ્યાં માનવ સંસ્કૃતિ માટે ટકી રહેવું મુશ્કેલ બનશે. તેની અસર વિશ્વના અન્ય દેશોની સાથે ભારતમાં પણ વ્યાપક જોવા મળશે. ડીએસટીના મહામના સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ક્લાઈમેટ ચેન્જ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણમાં આગાહી કરવામાં આવી છે કે ૨૦૪૦ સુધીમાં દેશના ઘણા શહેરોમાં ગરમી ૪ થી ૧૦ ગણી વધી શકે છે.

આ અભ્યાસના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ૨૦૪૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને નિયંત્રિત કરવાના સતત પ્રયાસો કરવામાં આવે તો પણ ગરમીમાં ઓછામાં ઓછો ૪ થી ૭ ગણો વધારો થશે અને જો આ પ્રયાસ નિષ્ફળ જશે તો ગરમીમાં ૭ થી ૧૦ ગણી વધી શકે છે. ૧૯૬૧ અને ૨૦૨૧ વચ્ચે, ભારતમાં ગરમીના મોજાની અવધિમાં લગભગ ૨.૫ દિવસનો વધારો થયો છે. ખાસ વાત એ છે કે આ રિપોર્ટ ભારતના હવામાન વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા દેશના અલગ-અલગ ભાગોમાં ક્લાઈમેટ ચેન્જ અને તેની અસરો પર કરવામાં આવેલા અભ્યાસના રિપોર્ટ સાથે મેળ ખાય છે. અહેવાલ મુજબ, હવામાન વિભાગના અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૬૦ સુધીમાં, ભારતીય શહેરોમાં ગરમીના મોજાનો સમયગાળો વધશે અને આ વધારો ૧૨ થી ૧૮ દિવસનો હોઈ શકે છે.

ખાસ કરીને ઉત્તર પશ્ચિમ ભારતમાં, ૩૦ દિવસના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ચાર હીટ વેવ આવી શકે છે જે હીટ સ્ટ્રોકનું કારણ બનશે. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના એક અધિકારીએ નામ ન આપ વાની શરતે જણાવ્યું છે કે આવા નક્કર ડેટા ભવિષ્યમાં ભારતીય શહેરોમાં વધતી ગરમીને રોકવા માટેના પગલાં લેવામાં મદદરૂપ સાબિત થશે. તેમણે કહ્યું કે આના પર કામ ચાલી રહ્યું છે અને કેન્દ્ર સરકારે તમામ શહેરો માટે **HIT** એક્શન પ્લાન બનાવવાનું શરૂ કર્યું છે. એવા શહેરોની ઓળખ કરવામાં આવી રહી છે જ્યાં ગરમીનું મોજું આવવાની સંભાવના છે જેથી લોકો માટે સલામતીના પગલાં લઈ શકાય. સ્કાયમેટ વેધર સર્વિસિસના હવામાનશાસ્ત્ર અને આબોહવા પરિવર્તનના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પાલાવત કહે છે કે હવામાન પરિવર્તનની અસરો લાંબા સમયથી દેખાઈ રહી છે. દર વર્ષે રેકોર્ડ ગરમી નોંધાઈ રહી છે. આવનારા દિવસોમાં આમાં ચોક્કસપણે વધારો થશે અને ઘણી ચિંતાજનક સ્થિતિઓ ઊભી થશે.




રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત કોંગ્રેસના નેતાઓ પ્રિયંકા ગાંધી વાડ્રા, સચિન પાયલોટ, સુખજિન્દર સિંહ રંધાવા અને અન્ય લોકો સાથે ઝુંઝુનુ જિલ્લામાં આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલા જાહેર સભા કરી હતી.

## અસમાન વેતન-લિંગ આધારિત હિંસાના વિરોધમાં વડાંપ્રધાન જોડાયા



। રેકિયાવિક, તા.૨૫ ।

પ્રજા અને મહિલાઓના લગતાં મુદ્દાઓ પર તમે આમ તો સરકાર વિરુદ્ધ થતાં દેખાવો થતાં જોયા જ હશે પણ તાજેતરમાં આઈસલેન્ડના મહિલા વડાંપ્રધાન કેટરીન જેકોબ્સડોટીરખુદ દેખાવોમાં ઉતરી ગયા છે જેના વિશે જાણી તમે પણ ચોંકી જશો. પુરુષોની તુલનાએ મહિલાઓને મળતાં અસમાન પગાર અને લિંગ આધારિત હિંસા ખતમ કરવા માટે આઈસલેન્ડના વડાપ્રધાન કેટરીન જેકબ્સડોટિર અન્ય મહિલા કર્મચારીઓ સાથે ખુદ હડતાળ પર ઉતરી ગયા છે. આ અનોખી હડતાળને કારણે દેશભરમાં સ્કૂલો બંધ થઈ ગઈ છે, જાહેર પરિવહનમાં પણ તકલીફ સર્જાઈ છે અને હોસ્પિટલમાં કર્મચારીઓની ભારે અછત સર્જાઈ છે. કર્મચારીઓની અછતને જોતાં ટીવી અને રેડિયો પ્રસારણોમાં પણ મોટી મુશ્કેલી સર્જાઈ છે. વડાપ્રધાન કેટરીને આશા વ્યક્ત કરી હતી કે તેમના મંત્રીમંડળની અન્ય મહિલાઓ પણ આવું જ કરશે.

## ઇઝરાયેલ અને હમાસ મુદ્દો ટુ સ્ટેટ સોલ્યુશનના આધારે ઉકેલી શકાય : ચીન



। બેઈજિંગ, તા.૨૫ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધ પર પોતાનું મૌન તોડતા ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું કે બેજિંગને આશા છે કે આ મુદ્દો "ટુ સ્ટેટ સોલ્યુશન" ના આધારે "ન્યાયી અને કાયમી રીતે" ઉકેલવામાં આવી શકે છે. ચીનની રાજધાની બેજિંગમાં મીડિયાને સંબોધતા માઓએ કહ્યું હતું કે, અમે આશા રાખીએ છીએ કે પેલેસ્ટાઈનના વિવાદનો ટુ સ્ટેટ સોલ્યુશનના આધારે વ્યાપક, ન્યાયી અને કાયમી રીતે ઉકેલ આવશે. પેલેસ્ટાઈન-ઈઝરાયેલ યુદ્ધમાં અમારી સ્થિતિ અરબના દેશો સાથે વધારે સુસંગત છે. બંને બાજુના નાગરિકો પર થતા અત્યાચારની ટીકા કરતાં તેમણે કહ્યું કે તેમનો દેશ આંતરરાષ્ટ્રીય કાયદાના કોઈપણ ઉલ્લંઘનનો વિરોધ કરે છે.

## તંત્રી લેખ...

# હાલક ડોલક ગઠબંધન

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીની જોરશોરથી ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે મધ્યપ્રદેશમાં સીટોની વહેંચણીને લઈને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે જે કડવો વિવાદ સામે આવ્યો છે, તેના પરિણામો માત્ર એ રાજ્ય પૂરતા મર્યાદિત નહિ રહેને આખા દેશની વિપક્ષી એકતાને ડહોળશે એવું લાગે છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું કે જ્યારે લોકસભા ચૂંટણી માટે સીટોની વહેંચણીની વાત આવે છે, ત્યારે તેઓ યુપીમાં કોંગ્રેસ સાથે તે જ વર્તન કરશે જે રીતે મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ સાથે વર્ત્યા છે. આ ધમકી પણ કોંગ્રેસ પર પોતાની સર્વોપરિતા સાબિત કરવાની અખિલેશની એક વ્યૂહાત્મક ચેષ્ટા છે. જો કે પહેલાથી જ કહેવામાં આવ્યું છે કે વિરોધ પક્ષોના **I.N.D.I.A.** નું ખરેખર તો રાષ્ટ્રીય સ્તરે લોકસભાની ચૂંટણી માટે ગઠબંધન કરવામાં આવ્યું છે. પરંતુ સવાલ એ છે કે જો મામલો આટલો સ્પષ્ટ હતો તો પછી મધ્યપ્રદેશ કોંગ્રેસના નેતાઓએ વિધાનસભાની ચૂંટણીને લઈને અખિલેશ સાથે કોઈ વાતચીત કેમ શરૂ કરી? આ ચૂંટણીઓની વ્યૂહરચના અંગે ચર્ચા કરવા માટે આ નેતાઓને શા માટે બોલાવવામાં આવ્યા હતા અને સમાજવાદી પાર્ટીના દાવા પ્રમાણે તેમને છ બેઠકો છોડવાની તૈયારી પણ દર્શાવવામાં આવી હતી અને પછીથી કોઈપણ ખુલાસા વિના તમામ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો કેમ જાહેર કરવામાં આવ્યા? કોંગ્રેસ તરફથી હજુ સુધી આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ અખિલેશ યાદવના નિવેદન પર યુપી કોગ્રેસના અધ્યક્ષ અજય રાયે આપેલી પ્રતિક્રિયા સ્પષ્ટ કરે છે કે પાર્ટી આ મુદ્દે બચાવમાં નથી. તેમનું કહેવું છે કે મધ્યપ્રદેશમાં ૨ ૨ બેઠકો પર ઉમેદવારો ઉભા કરીને સમાજવાદી પાર્ટીએ ભાજપને મદદ કરવાનો પોતાનો ઈરાદો સ્પષ્ટ કરી દીધો છે. જો કે આ તમામ આક્ષેપો અને પ્રતિઆક્ષેપો અને ધારદાર નિવેદનો વચ્ચે કોઈ **I.N.D.I.A.** ગઠબંધન વિરૂદ્ધ કશું બોલતા નથી. સમાજવાદી પાર્ટીએ એવું પણ કહ્યું નથી કે તે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ કે અન્ય વિપક્ષી પાર્ટીઓ સાથે ગઠબંધન નહીં કરે. તે માત્ર એટ-લું જ કહી રહ્યા છે કે તે સમયે કોંગ્રેસ સાથે જેવા સાથે તેવા-ના ધોરણે વ્યવહાર કરવામાં આવશે.આનો અર્થ શું છે તે તે સમયે સ્પષ્ટ થશે, પરંતુ હાલ પૂરતું એટલું ચોક્કસ કહી શકાય કે જો વિરોધ પક્ષ ખરેખર **I.N.D.I.A.**ને સમર્થન આપે છે તો તેઓ ગઠબંધન માટે ગંભીર છે અને તેને જાળવી રાખવા માંગે છે, તો તેઓએ તેમના મતભેદોને ઉકેલવા માટે વધુ સારી રીત શોધવી જોઈએ. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે જે મતભેદો ઉભા થયા છે તે આમ આદમી પાર્ટી સહિત અન્ય ઘણા પ્રાદેશિક પક્ષો સાથે પણ ઉભરી શકે છે. આવી સ્થિતિમાં, જ્યારે જાહેરમાં એકબીજાની ટીકા કરતા આ પક્ષો થોડા મહિનાઓ પછી લોકસભાની ચૂંટણીના અવસર પર પલટતા જોવા મળશે, ત્યારે સામાન્ય મતદારો માટે તેમના જોડાણની વિશ્વસનીયતા સ્વાભાવિક રીતે જ શંકાસ્પદ બનશે. આગામી મહિને પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાન સભાની ચૂંટણીઓ બાદ વિપક્ષી એકતાની કવાયત ફળીભૂત થવાની ધારણા હતી. ત્યારે કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે વિપક્ષી ગઠબંધન **I.N.D.I.A.**ના વિઘટનના બીજ આ વિધાનસભાઓની ચૂંટણીમાં વાવવામાં આવશે. સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચેની લડાઈએ હવે સ્પષ્ટ કરી દીધું છે કે વિપક્ષી ગઠબંધન એક મેળ ન ખાતા કજોડા લગ્ન જેવું છે. હવે લોકસભાની ચૂંટણીમાં પાંચ-છ મહિનાનો વિલંબ છે. આ પહેલા દ્ર એટલે કે નીતીશ અને 'છ' એટલે કે અરવિંદ-અખિલેશ અલગ થતા જોવા મળે છે.

# માનવ જીવનમાં સંતોષનો અર્થ સમજો

એવું કહેવાય સરવાળાની એટલી બધી પણ આશા ના રાખવી જોઈએ કે જેનાથી ખુદ બાદ થઈ જઈએ. કોઈપણ વસ્તુની એક લીમીટ હોય છે. ગુજરાતી કહેવત છે કે ''સંતોષી નર સદા સુખી'' એટલા માટે કહેવાય કે જીવન જીવવામાં સંતોષ ખૂબ જ અગત્યનું પાસું છે અને જીવનનો સૌથી મોટામાં મોટો સંતોષ તો એ છે કે આપણા કારણે કોઈ બીજી વ્યક્તિ ખુશ થાય છે. આવું દરેક સંબંધોમાં લાગુ પડે જેમકે પતિ-પત્નીનો,ભાઈ-બહેનનો સંબંધ અને દોસ્તો વચ્ચેના સંબંધમાં સંતોષ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની જરૂરિયાતો કરતા વધારે મેળવવાનું વિચારે ત્યારે એના પતનની શરૂઆત થઈ જાય છે. ભગવાન પણ એની મદદ નથી કરતા કારણ કે એવું કહેવાય કે ''કીડીને કણ અને હાથીને મણ'' મળી જ જાય છે અને આ દુનિયામાં કોઈ પણ વ્યક્તિ રાતે એવો નથી કે જેની જરૂરીયાતો પૂરી નથી થતી. કોઈ અદ્રશ્ય શક્તિ આપણને કોઈ ને કોઈ રીતે આપણી જરૂરિયાતો ને પૂરી કરવા મદદ કરે જ છે. આપણી સામાન્ય જરૂરિયાતો એટલે કે ''રોટી કપડા અને મકાન'' છે. આ ત્રણ વસ્તુ આપણી પાસે હોય તો આપણે પોતાની જાતને સુખી કહી શકિએ અને જે વ્યક્તિ પોતાની મહેનત અને લગનથી કમાઈ છે અને તે આ ત્રણ વસ્તુઓ ખરીદવા માટે વસ્તુ મેળવવા માટેનો સાચો હકદાર બને છે. આવું જ કંઈક સંબંધોમાં થાય છે દરેક માણસ પોતાના નજીકના માણસ અથવા નજીકના સંબંધી પાસેથી ઘણી બધી આશાઓ લઈને બેઠો હોય છે પરંતુ તે વ્યક્તિ એવું નથી જાણતો કે સામેવાળી વ્યક્તિ માટે પોતે કેટલો અગત્યનો છે. એટલે દરેક સંબંધમાં પણ સંતોષ રાખવો જોઈએ. જ્યારે કોઈ વ્યક્તિ એક મર્યાદાથી વધારે વસ્તુની આશા રાખે ત્યારે તે હંમેશાં દુઃખી થાય છે. અત્યારના સમયમાં વ્યક્તિ પૈસા કમાવવાની લાલચમાં એટલો બધો ઘેલો થઈ ગયો છે ને કે તેને પોતાના પરિવાર માટે પણ સમય નથી રહ્યો. આજ કારણે ઘણાં સંબંધોમાં તિરાડો પડે છે અને સંબંધો તૂટી જાય છે. દરેક વ્યક્તિ ધન સંપતિ મેળવવાની હોડ માં દિવસ-રાત એટલી બધી મહેનત કરે છે અને ખૂબ ધન કમાય પણ છે પણ અંતે તો દરેક વ્યક્તિ એ ખાલી હાથે જ જવાનુ છે. કોઈપણ કામ કર્યા પછી મળતો આત્મસંતોષ એ આપણા જીવનનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ. અને અંતે એટલું ન સંતોષ એ જ સુખી જીવનનો માર્ગ છે અને એ માર્ગ પર ચાલીને આપણા જીવનને સફળ બનાવીયે અને આત્મસંતોષી બનવાનો પ્રયત્ન કરીએ. ઈચ્છા અને જરૂરીયાત વચ્ચેની પાતળી રેખા છે સંતોષ. એ બહુ વ્યક્તીગત બાબત છે. ત્રીષ્ણાઓની દોળમાં ક્યાં અટકવું એ દરેકની પોતાની વ્યાખ્યા પર આધારીત છે. આળસ ક્યારેક સંતોષનું મ્હોરૂ પહેરીને પણ આવે. આળસુ માણસો સંતોષના પ્રવચનો આપે એવુ બને. કશૂં જ ન કરવુ એ તો યોગ્ય નથી જ. તો સામે છેડે સમયના શીકાર બની જવુ એ પણ યોગ્ય નથી. આ બંનેની વચ્ચે સંતુલન જાળવું. તેમાં જ શૂખ છે. જીવનનું નામ જ સંતુલન છે. ક્યારેક આપણે આ આંધડી દોળમાં અનીચ્છાએ દોળતા હોઈએ છીયે. એના કોન્ટ્રાકટ કરી લેતા હોઈએ છીયે. ઉંચા પગારની નોકરી માટે હા પાડી દઈએ પછી ગળાનો ગાડીયો બની જાય.

# સાધના, આરાધના અને ઉપાસના એ બધું જીવ પોતાની આધ્યાત્મિક ક્ષમતા વધારવા માટે કરે પણ પ્રાર્થના સાર્વજનિક ભાવથી થવી જોઈએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાધના હોય, આરાધના હોય, ઉપાસના હોય, એ બધી ક્રિયામાં જીવ પોતે પોતાની આધ્યાત્મિક ક્ષમતા વધારવા માટે અને જીવ પણું ઓછું કરવા માટે કોશિશ કરે છે. પ્રકૃતિની કે ઈશ્વર તત્વની નજીકમાં નજીક જઈ તેને જોવા જાણવા કે માણવા માટે આ ત્રણ સ્તરે માનવી ઉપર ઉઠતો હોય છે. પરંતુ પ્રાર્થના એક એવું માધ્યમ છે કે, જેમાં આપણે જ્યાં અને જેવા છીએ તેવા રહીને જ ઈશ્વરને પોકારવાનો છે. પરંતુ શરત માત્ર એટલી જ છે કે, એમાં આપણે એકલા માટે કંઈ જ માગવાનું નથી, ટૂંકમાં માંગણી હોય તો પણ એ સાર્વજનિક હોવી જોઈએ. પ્રાર્થના શબ્દ બોલવાથી જ અંતરના ભાવ સ્વચ્છ થવા લાગે છે, અને એ આપણને પાછા નાનપણના એ વર્ગખંડમાં લઈ જાય છે, જ્યાં નિર્દોષતા અને નિખાલસતાનો ભાવ મુખ્ય હતો, એ સમયે બોલાતી એ પ્રાર્થનાનો ભાવ કદાચ આપણે એટલી સારી રીતે ગ્રહણ કરી શકતા નહોતા, અને ક્યારેક ક્યારેક વચ્ચે એક આંખ ખોલીને બીજું કોઈ શું કરે છે? એ જોઈ પણ લેતા હશું! પણ મોટે ભાગે ત્યારે, હે ઈશ્વર તું મને એકલાને જ આ બધું આપજે, એવો ભાવ ન્હોતો આવતો! એ વાત તો પાકી. હાં કદાચ પરીક્ષામાં પાસ થવા વખતે મને સૌથી સારા માર્કસ આવે અથવા તો પેલા કરતાં વધુ આવે, એવું ક્યારેક વિચાર્યું હોય, પણ એનાથી વધુ તો નહીં જ, અને એ દેશ કાળ પ્રમાણે તો નહીં જ. હમણાં જ દશેરાનો તહેવાર ગયો અને સૌ કોઈએ રાવણ દહન જોયું, હવે રામરાજ્ય થશે, એવી સૌ કોઈની ઝંખના પણ રહી! પરંતુ એની તીવ્રતા ઓછી છે, એને કારણે એ થઈ શકતું નથી. ઘેર આજે આપણે એ વિશે વાત નથી કરવાની. પરંતુ આઝાદીના ૭૫ વર્ષ પહેલાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ રામરાજ્યનું સ્વપ્ર જોયું હતું, અને એને લઈને એમણે રઘુપતિ રાઘવના ગુણ દરેકમાં અંકિત થાય, એટલે એ ભજન ધૂન કે જેનો તે પ્રાર્થનામાં સમાવેશ કરતા હતાં.

રઘુપતિ રાઘવ રાજારામ
પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ
ભજ પ્યારે તું સીતારામ
રઘુપતિ રાઘવ રાજા....
ઈશ્વર અલ્લા તેરે નામ
સબકો સન્મતિ દે ભગવાન
મંદિર-મસ્જિદ તેરે ધામ
સબકો દર્શન દે ભગવાન
રઘુપતિ રાઘવ રાજા....
રાત્રે નિંદરા દિવસે કામ
ક્યારે ભજશો શ્રીભગવાન ?
હાથ થી કરશું ઘરનાં કામ
મુખ થી બોલશું શ્રી ભગવાન
રઘુપતિ રાઘવ રાજા ...


આજથી ૭૫ વર્ષ પહેલાં જેણે આપણા સૌના જીવનમાં ખુશાલી રહે, એ માટે રામરાજ્યનું સ્વપ્ર જોયું હતું એને પણ લોકો ભૂલી ગયા છે, અથવા તો અલગ રીતે નિંદા કરીને યાદ કરી રહ્યા છે, ત્યારે રામ રાવણની તો શું વાત કરવી! અને દશેરાને દિવસે તો આપણે વાત કરી જ હતી, કે સમયનો આજનો સંદર્ભ જોતા રાવણ પણ પ્રમાણમાં ઘણો સજ્જન હતો, એવું સ્પષ્ટ પણે કહી શકાય. પરંતુ આ ધૂન પ્રાર્થનામાં રઘુપતિ રાઘવ એટલે કે નામ સ્મરણનો મહિમા ગવાયો છે. ભારત એક બિન સાંપ્રદાયિક દેશ હોવાથી અહીં તમામ ધર્મના લોકો વસે છે, અને દરેકની તેના ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા ઓછી ન થાય, એટલે મંદિર મસ્જિદ તેરે ધામ એમ કહી બંને જગ્યાને આદર આપવો, અને દરેકે પોતાના ઈશ્વરને ત્યાં અનુભવો કે દર્શન થશે એવો ભાવ લઈ ને જવું, એવી વાત પણ કરી છે. જે કંઈ ખેલ છે એ બુદ્ધિના જ ખેલ છે, અને કુબુદ્ધિ કે દુર્બુદ્ધિ થાય ત્યારે સર્વનાશને નોતરે છે, માટે આપણી બુદ્ધિમાં સદભાવ રહે એ માટે નિરંતર હરી સ્મરણ કરતા રહેવું જોઈએ. પરંતુ નામ સ્મરણનો અર્થ કોઈ એક જગ્યાએ બેસીને માળાઓ કરવી એવો અર્થ ન કાઢે! કે પછી કોઈ સમય નથી મળતો એવું બહાનું ન કાઢે, એટલે જ દરેક પ્રકારના ઘરનાં કે બહારનાં કામ કરતાં કરતાં મુખથી હરિ નામનું સ્મરણ કરવાનો ઉપદેશ અહીં સ્પષ્ટ લખ્યું છે. પુરુષાર્થ કે પરિશ્રમ એ બંને પારસમણી છે, અને તમારા પરિવારની આજીવિકા માટે કોઈપણ કામ નાનું નથી, એને પુરાં હદયથી અપનાવીને કરવું તો એ પણ ઈશ્વર નજીક લઈ જનારુ સાધન બનશે, એવું મહાત્મા ગાંધીજી સ્પષ્ટ પણે માનતા હતા. એ પોતાનું દરેક કામ પોતે જ કરતાં હતાં અને સ્વાવલંબી તેમજ સ્વચ્છતાના આગ્રહી હતાં.

આજે આ પ્રાર્થનાને યાદ કરવાનું કારણ એ જ છે કે આજે વિશ્વ આખું કેટકેટલી સમસ્યાઓથી ઘેરાયેલું છે, અને છતાં દરેક દેશને પોતાની મહત્તા સાબિત કરવા માટે વિકાસની આંધળી દોડમાં દોડવું છે, પર્યાવરણના પ્રશ્નો છે, વધતી જતી વસ્તીને કારણે એમના ખોરાક પાણી અને રહેઠાણનાં પ્રશ્નો છે, તદુપરાંત આરોગ્ય પણ જેમ ક્રાંતિ કરે છે, એમ રોગ પણ નવાં નવાં અસ્તિત્વમાં આવતા જાય છે. જો કોઈ એક બે મુદ્દા પર વિશ્વ આખું સંમત થાય તો, પરિસ્થિતિને હજી પણ પ હોંચી શકાય. પરંતુ એની માટે દરેક દેશે વસુદેવ કુટુંબની ભાવના મનમાં સ્થિર કરવી પડે, એટલે કે જગત આખાનાં કલ્યાણ માટે જ્યારે વિચારવામાં આવશે, ત્યારે એમાં કંઈક પરિણામ મળશે, અને આવો શુદ્ધ સંકલ્પ લઈને દર વર્ષે ℀૨૦ નું આયોજન પણ થઈ રહ્યું છે, એક આવકારવા લાયક બાબત છે. આમ પણ માનવી હું કરું નો મોરચો લઈને ગમે તેટલું દોડે એને હાથ કહી આવવાનું નથી, અંતે તો સર્વ શક્તિમાન એ પરમ કૃપાળુ પરમાત્માએ જે વિચાર્યું હશે એ જ થશે, પરંતુ આપણા અને એના વિચારોમાં સામ્યતા રહે, એવાં સૌના કલ્યાણના વિચારો આપણા મનમાં હોવા જોઈએ, અને એ ભાવ આપણે પ્રાર્થના દ્વારા હદયસ્થ કરીશું. ઘણીવાર એવો વિચાર આવે કે નાના હતાં ત્યારે પ્રાર્થના વખતે જે નિખાલસતા આવતી એ હવે નથી આવતી કારણ કે જવાબદારીઓનો ભાર ખભા પર વધી ગયો છે, અને એ અમુક અંશે સાચું પણ છે પરંતુ બીજી રીતે વિચારીએ તો પરિવારની જરૂરિયાતોને પૂરી કરવી એને આપણે જવાબદારી કહેતા હોઈએ છીએ!: તો શું એવું નથી લાગતું કે આપણે જરૂરિયાતો જ એટલી બધી વધારી દીધી છે કે, એને કારણે જ આપણા ખભા નમી રહ્યા છે. વધતી જતી મોંઘવારી તેમજ અન્ય વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ગાંધીજી જેવું લિવિંગ વિથ લેસ નું સૂત્ર અપનાવવું જોઈએ! બીજાને તો આપણે ન કહી શકીએ કે, કદાચ ન સમજાવી શકીએ, પરંતુ આપ ણાથી જ શરૂઆત કરીએ, અને ઓછામાં ઓછી જરૂરિયાતને જીવનમાં પ્રાધાન્ય આપીએ, તો બીજું કંઈ થાય કે ન થાય! પરંતુ દિવસે ને દિવસે વિકટ થતી જતી પરિસ્થિતિમાં આપણે આપણું અસ્તિત્વ જરૂર ટકાવી શકીશું. પ્રસન્નતા મેળવવાના અને આનંદ મેળવવાના જિંદગીમાં કેટલા પ્રયત્નો કર્યા, પરંતુ એમાં ધારી સફળતા મળતી નથી, એનું કારણ કદાચ આપણી વધુ પડતી અપેક્ષાઓ કે જરૂરિયાત હોઈ શકે એવું વિચારીને, આપણે સૌ આ વૈશ્વિક શાંતિનાં પ્રશ્ને એક થઈ, અને એકબીજાની ખુશી એકબીજાની પ્રસન્નતા કે એકબીજાના આનંદ ક્યારા માટેનું વિચારી શકીએ એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચણી રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# જીવાત્માને ધ્રુવ એટલે ભજનાનંદ મળશે તો વાસનાને આધીન થશે નહીં અને વાસનાને આધીન થશે નહીં તો મારું માન રહેશે નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



નવરાત્રનો થાક હજુ શરદ પૂનમે ઉતરશે કેમ ખરું ને ?? ઉત્સવો તહેવારોનો આનંદ કંઈક અલગ પ્રકારનો હોય છે. મનુષ્યને નીતિનું આકર્ષણ નથી, સુરુચિનું છે. મનુષ્યને નીતિ ગમતી નથી, સુરુચિ ગમે છે. જીવમાત્રને નીતિ પ્રિય નથી, પ્રિય છે સદાચાર. સંયમથી નીતિમય જીવન ગાળવું તેને ગમતું નથી. વાસનાને આધીન થઈ વિલાસી સ્વેચ્છાધારી જીવન ગાળવું ગમે છે. રુચિને આધીન થશો તો ઉત્તમ ફળ મળશે. સુરુચિનું ફળ ઉત્તમ છે,તેથી સુરુચિના પુત્રનું નામ ઉત્તમ.ઉત્= ઈશ્વર, તત્ = અંધકાર. અંધકાર એટલે અજ્ઞાન. ઈશ્વરના સ્વરૂપનું અજ્ઞાન એ જ ઉત્તમનું સ્વરૂપ છે. ઈન્દ્રિયોના ગુલામ થશો તો ઈશ્વર ના સ્વરૂપનું જ્ઞાન થશે નહીં.જે સુરુચિમાં ફસાયો છે,વિલાસી જીવન ગાળે તેને ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થતું નથી.એ ઈશ્વરને ઓળખી શકે નહીં. ઈશ્વરનું જ્ઞાન વિરક્તને થાય છે, વિલાસીને થતું નથી. સત્ત્વગુણ જેનો વધે છે તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. સત્ત્વગુણ વધે છે સદાચારી,સંયમી જીવન ગાળવાથી શબ્દજ્ઞાન તે જ્ઞાન નથી. ક્ષણિક સુખ તે ઉત્તમ. વિષયો ક્ષણિક સુખ આપે છે, એટલે વિષયોનો આનંદ તે ઉત્તમ.

ઈન્દ્રિયો અને વિષયોનો સંયોગ થાય ત્યારે ક્ષણિક સુખ મળે છે. એ સુખ નથી,સુખના ભાગ ઈન્દ્રિયોને વિષયો ભોગવવાની ચળ છૂટે છે. ડહાપણ આવે છે પણ તે ટકતું નથી. ભોજન સરસ હશે તો ભૂખ કરતાં વધારે ખવાશે, તેથી અજીર્ણ થશે. આવા વખતે રૂચિ કહે છે, તું ખા અને નીતિ કહે છે કે, તું ખાવાનું બંધ કર. આ સુચિ સુનીતિ રોજિંદા વ્યવહારમાં છે. તેથી શંકરાચાર્ય સ્વામીએ આજ્ઞા કરી કે, સ્વાદિષ્ટ અન્નની યાચના ન કરો. દેવવશાત્ પ્રાપ્ત થાય તેથી સંતોષ માનો. જે ભોજન સારું માંગશે તેનાથી ભજન થશે નહીં. નીતિના ફળથી આરંભમાં કદાચ દુઃખ થાય પણ પરિણામે તે સુખ આપે છે, ત્યારે સુરુચિનું ફળ પરિણમે બહુ દુઃખ આપશે. જેનું જીવન શુદ્ધ છે, પવિત્ર છે, તેને ભજનાનંદ મળે છે. એ આનંદ કાયમ ટકે છે. કાયમ તે ધ્રુવ- ભોજનાનંદ અશ્રુવ. માટે સુનીતિ નો પુત્ર ધ્રુવ, સુનીતિનું ફળ ધ્રુવ. ધ્રુવ એટલે અવિનાશી. જેનો કદી નાશ થતો નથી તે પદ,અનંત સુખ. બ્રહ્માનંદનો વિનાશ થતો નથી. તેથી નીતિને આધીન રહે તેને ધ્રુવ મળશે, બ્રહ્માનંદ મળશે. આ મનુષ્ય સુનીતિને આધીન બને તો સદાચારી બને છે અને સુરુચિ ને આધીન બને તો દુરાચારી બને છે.આ બે આનંદ તમારી પાસે મૂક્યા એક વિષયાનંદ અને બીજો બ્રહ્માનંદ અથવા ભજનાનંદ.બેમાં થી તમે કોને પસંદ કરશો? ભજનાનંદ જ પસંદ કરવા જેવો છે. પહેલો ક્ષણિક સુખ પણ પરિણામમાં સુખ આપે છે.આપે છે. બીજો શરૂઆતમાં એક ક્ષણ દુઃખ આપે છે પણ પરિણામે દુઃખ આપે છે.

બે મિત્રો યાત્રા કરવા નીકળ્યા છે. એક મિત્રને આદત પડી ગયેલી કે, પલંગ વગર ઊંઘ આવે નહીં. પલંગ સાથે તકિયો-ઓશિકું બધું જોઈએ. એટલે એણે એ બધુંસાથે લીધું. એક જગ્યાએ મજૂર ન મળ્યો.મજૂર વગર કોણ કાકો આ બધું ઊપાડે? ભાઈએ પલંગ વગેરે સઘળો સામાન માથે ઊંચકો રસ્તામાં એક સજ્જન મળ્યા. તેણે આ ભાઈની દશા જોઈ કહ્યું, આ બોજ વગર યાત્રા પેલો મનુષ્ય જવાબ આપે છે કે, ભલે બોજ ઊંચકવો પડે, પણ રાત્રે સૂવાની મજા આવે છે ને! કરો ને આ બીજાની કથા નથી,આ આપણી કથા છે. જીવા ત્મા યાત્રા કરવા માટે નીકળ્યો છે. તુચ્છ ક્ષણિક સુખ માટે મનુષ્ય આખો દિવસ ગદ્ધાવૈતરું કરે છે. દુઃખનો પહાડ માથે રાખે છે! ક્ષણિક સુખ માટે કેટલી ઉપાધિ, કેટલી ચિંતા!ધ્રુવ અવિનાશી બ્રહ્માનંદનું ભજનાનંદનું સ્વરૂપ છે. જીવની પાસે બ્રહ્માનંદ જાય તે વખતે સુરુચિ વિઘ્ન કરે છે. જીવ અને બ્રહ્માનું મિલન થતું સુરુચિ અટકાવે છે. સુરુચિને આધીન તે કામાધીન. ઉત્તાનપાદ રાજાને આ બે રાણી ઓ અને બાળકો હતાં. રાજા ઉત્તાનપાદને પોતાની સુનીતિ રાણી વહાલી નથી લાગતી,પણ સુરુચિ વહાલી લાગે છે. આપણું પણ એવું જ છે. આપણને પણ નીતિ ગમતી નથી, પણ ઈન્દ્રિયો અને વાસનાને બહેકાવનારી રુચિ ગમે છે. એક દિવસ ઉત્તાનપાદ રાજા સિંહાસન ઉપર બેઠા છે. સુરુચિ ત્યાં બેઠેલી છે.રાજા ઉત્તમને ગોદ માં લઈને લાડ કરતા હતા. ધ્રુવે ઉત્તમને પિતાની ગોદમાં જોયા. તેને પણ પિતાની ગોદમાં બેસવાનું મન થયું. તેને થયું કે બાપુ મને પણ ગોદમાં લેશે. ધ્રુવજી દોડતા પિતા પાસે આવ્યા. બાળકએ બાળકૃષ્ણનું સ્વરૂપ છે. તેનું અપમાન કોઈ દિવસ ન કરશો. મોટા મોટા મહાત્માઓ બાળક સાથે રમતા હતા. એકવાર રામદાસ સ્વામી નાનાં બાળકો સાથે રમતા હતા. શિષ્યોએ કહ્યું, તમે આ શું કરો છો? સ્વામીએ કહ્યું, બાળકો સાથે રમવામાં મને આનંદ આવે છે. મનમાં જેવું હોય તેવું બોલે છે, અને જેવું બોલે છે તેવું કરે છે. બાળકની પેઠે મન, વાણી અને ક્રિયા એક હશે તો જ તમે ભગવાનની ભક્તિ બરાબર કરી શકશો. તો જ તમને આનંદ આવશે બાળક નિર્દોષ હોય છે. બાળકને નાનપણમાં સારા સંસ્કાર આપવા, લાડ કરવા નહીં. કપટનો બોધ બાળકને આપવો નહીં. ધ્રુવને જોઈ ઉત્તાનપાદ રાજાને આનંદ થયો. મનમાં થયું, લાવ, બાળકને ગોદમાં લઉં પણ ત્યાં સુરુચિ બેઠી હતી. તેને આ ગમ્યું નહીં. સુનીતિની શોક્ય ખરીને! જ્યારે જ્યારે પાસે ભજનાનંદ આવે છે ત્યારે સુરુચિ વિઘ્ન કરે છે. પૂજા કરતાં મન રસોડામાં જાય તો માનજો કે સુરુચિ આવી. પ્રભુ ભજન કરતાં મન વિષયોમાં જાય તો માનવું કે સુરુચિ આવી.

રાજા ધ્રુવને લે તે સુરુચિને ગમ્યું નહીં,ન જ ગમે! સુરુચિએ વિચાર્યું કે, રાજાને (જીવાત્માને) ધ્રુવ એટલે ભજનાનંદ મળશે તો વાસનાને આધીન થશે નહીં અને વાસનાને આધીન થશે નહીં તો મારું માન રહેશે નહીં. તેણે રાજાને ધ્રુવને ગોદમાં લેવાની મના કરી. રાજા રાણીને આધીન હતો. રાજા સુરુચિને આધીન હતો. કામાંધ હતો. તેથી તેને બીક લાગી કે, હું જો ધ્રુવને ગોદમાં લઈશ તો સુરુચિ નારાજ થશે. બીજું ગમે તે થાય પણ મારી રાણી નારાજ થવી ન જોઈએ. અતિશયપણે સ્ત્રીને આધીન રહેવું એ પાપ છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, જે સ્ત્રીને અતિશય આધીન હોય તેવી વ્યક્તિને જોવામાં પણ પાપ છે. આ રાજા હતો, પણ સ્ત્રીનો ગુલામ હતો.લગભગ દરેકની આવી દશા હોય છે. સાહેબ બહાર અક્કડમાં ફરે છે,પણ બબલીની બા પાસે તેમનું કંઈ ચાલતું નથી. વાચક ચાહક મિત્રો, નવરાત્ર દશેરા પછી શરદ પૂનમની રાતલડીનો ઈન્તજાર સૌ કરી રહયા છીએ. બસ તહેવારો જ જીવનમાં આનંદ ઉત્સાહ ઉમંગ કાયમ રાખે છે.


# જીવિત અને તાજા ખોરાકનું પ્રમાણ વધારો



કોઈપણ જીવ ભોજન વગર જીવનની કલ્પના કરી ન શકે. પ્રકૃતિએ દરેક જીવ માટે ભોજનની વ્યવસ્થા કરી છે. પોષણનાં સિદ્ધાંત છે જે પ્રકૃતિ દ્વારા જ બનાવવામાં આવ્યા છે. પણ આપણે આ સિદ્ધાંતો માટે વિચારાયું નથી. મનુષ્યો બુદ્ધિશાળી હોવા છતાં પણ પ્રકૃતિના નિયમો જાળવતો નથી તેની છેડછાડ કરી છે. અન્ય પશુ-પક્ષીઓ પ્રકૃતિએ નિર્ધારિલ ભોજન કરે છે. મનુષ્યો દ્વારા બનાવેલ અપ્રાકૃતિક અને રસાયણ યુક્ત ભોજન જ મનુષ્યો માટે બીમારી અને ખરાબ સ્વાસ્થ્યનું કારણ છે. ભોજન બે પ્રકારના છે. એક તો જીવિત ખોરાક (લાઈવ ફૂડ) અને બીજો મૃત ખોરાક (ડેડ ફૂડ) આપણે બધા જાણીએ છીએ કે ખરાબ સ્વાસ્થ્યનું કારણ અસ્વાસ્થ્ય કર ખોરાક છે. આપણે બહારની સુંદરતા વિશે ધ્યાન વધુ આપીએ છીએ પણ વ્યવહારિક રીતે આંતરિક સુંદરતા વિશે વિચારતા નથી. આપણા શરીરની અંદર ફકત મૃત ખોરાકનો પ હાડ જમા થઈ રહ્યો છે. આપણું ઉત્સર્જન તંત્ર શરીરનો અના અનાવશ્યક કબાડ મુક્ત કરવાનો સામનો નથી કરી શકતો. તેથી તે આંતરિક અંગોમાં ધકેલી નાખે છે. શરીર એક ઉપેક્ષિત નલસાજીની જેવો થઈ જાય છે. જે ક્યારેય સાફ નથી નથી, તેથી તે બીમારી અને ખરાબ સ્વાસ્થ્યવાળું થઈ જાય છે. આના પરથી જાણી શકાય છે કે માનવના પોષણ માટે ભોજન પ્રાકૃતિક હોવા જોઈએ સ્પષ્ટ છે. કારખાનામાં કેં ફેકટરીમાં બનતો ખાદ્ય-પદાર્થ એ મૃત ખોરાક છે. મનુષ્યો દ્વારા ઘરમાં બનતો ખોરાક જે ખૂબ શેકેલો, તળેલો અમુક રસાયણો નાખેલો, વધુ પડતો રાંધેલો ખોરાક શરીર માટે મૃત ખોરાક છે. આજના આધુનિક યુગમાં બહારનો ફેકટરીમાં બનતો ખોરાક પર નિર્ભરતા વધી છે. બેકરીમાં બનતો ખાદ્ય પદાર્થ હોટેલોમાં પીરસાતો ખોરાક લગભગ મૃત ખોરાક (ડેડ ફૂડ) જ છે. આજની જીવનશૈલી લગભગ બહારના ખોરાક પર જ નિર્ભર છે. વિદેશ ભણવા જતાં વિદ્યાર્થી કે વિદેશ ફરવા જતાં લોકો આજકાલ ડી-હાઈડ્રેડ કરેલો ખોરાક લઈ જાય છે. જે શરીર માટે હાનિકારક સાબિત થયો છે. ડી-હાઈડ્રેડ કરેલા ખાદ્ય પદાર્થથી શારીરિક અને માનસિક નબળાઈ ઊભરી આવી છે. શારીરિક અંગોમાં નબળાઈ જણાય છે. બ્રાઝિલમાં પ્રોફેસર જો-સાઓ-પાઉલો દ્વારા વિશ્ર્વ વિદ્યાલયમાં એક ટીમ બનાવી સર્વેક્ષણ કર્યું કે વયસ્કોમાં વધતી બીમારી લગભગ અલ્ટ્રા પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થ જ કારણ છે.

# ટેટૂનો શોખ આપી શકે છે શોક, શરીર પર ટેટૂ ચિતરાવતા પહેલાં આ બાબતોનો રાખો ખાસ ધ્યાન

આ ફેશનેબલ અને મોર્ડન જમાનામાં યુવાનોમાં ટેટૂ કરાવવાનો ક્રેઝ વધ્યો છે.શું તમે જાણો છો કે ટેટૂ કરાવવું તમારા માટે અત્યંત નુકસાનકારક હોઈ શકે છે? ચાલો જાણીએ ઉત્તર પ્રદેશના જાણીતા ડર્મેટોલોજિસ્ટ ટેટૂના ચલણ વિશે શું જણાવે છે. આ મોર્ડન જમાનામાં શરીર ઉપર ટેટૂ કરાવવાનું ચલણ નોંધપાત્ર રીતે વધ્યું છે. આજકાલના યુવાનોમાં ટેટૂનો ક્રેઝ ખૂબ જ જોવા મળી રહ્યો છે. લોકો શરીર ઉપર અવનવા ટેટૂ ચિતરાવે છે. જો તમે પણ તમારા શરીર ઉપર ટેટૂ કરવાનું વિચારો છો, તો રોકાઈ જાઓ. ટેટૂ તમારા શરીરને આકર્ષક બનાવી શકે છે, પણ તે તમને પણ ખૂબ બીમાર બનાવી શકે છે, તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. જો તમે પણ તમારા શરીર પર ટેટૂ કરાવવાનું વિચારી રહ્યા છો તો સાવધાન. હા, તમારા શરીર પરનું ટેટૂ તમને આકર્ષક બનાવી શકે છે, પરંતુ તે તમારા સ્વાસ્થ્યને ઘણા નુકસાન પણ પહોંચાડી શકે છે. યુવાનો ખુદને આકર્ષક બનાવવા માટે શરીર ઉપર વિવિધ પ્રકારના




ટેટૂ ડિઝાઈન કરાવે છે. છેલ્લા કેટલાક સમયથી ટેટૂ કરાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. મોટાભાગના યુવાનો વિચાર્યા વગર કોઈપણ ટેટૂ આર્ટિસ્ટ પાસેથી ટેટૂ કરાવે છે, જે વધુ નુકસાનકારક છે.

ટેટૂ કરાવતી વખતે વપરાતી શાહીની ગુણવત્તા સારી ન હોય તો ટેટૂ ચામડી માટે નુકસાનકારક બની શકે છે. જો ટેટૂ કરાવતી વખતે ઉપયોગમાં લેવાતી સોયનો ઉપયોગ પહેલા કરવામાં આવ્યો હોય, તો તમે ઘણી બીમારીઓનો શિકાર બની શકો છો. આ બીમારી HIV જેવી ગંભીર પણ હોઈ શકે છે. ટેટૂ કરાવવું અને પછી તેને હટાવવું ખૂબ જ નુકસાનકારક છે. ટેટૂ બનાવતા પહેલા ટેટૂ આર્ટિસ્ટ પ્રોફેશનલ છે કે નહીં, ટેટૂ બનાવવામાં વપરાતી શાહી અને સોય પ્રમાણિત કંપનીની છે કે નહીં જેવી બાબતોનું ધ્યાન રાખો. ગમે ત્યાં ટેટૂ કરાવશો નહીં. જો આ બાબતોનું ધ્યાન ન રાખવામાં આવે,તો અનેક ચામડીજન્ય રોગો થઈ શકે છે. શરીરનાં એવા ભાગ જેમાં ઓછી ચરબી અને વધુ નર્વ કે હાડકાં હોય છે. ત્યાં ટેટૂ કરાવવાથી સૌથી વધુ દુખ થાય છે. પ ગ પાસેનો ભાગ, પગની ઘૂંટી, ખભા અને પાંસળીઓ ખૂબ જ સંવેદનશીલ હોય છે. એક વ્યક્તિને ટેટુ કઢાવવામાં જેટલું દર્દ થાય છે એટલું જ જરૂરી નથી કે બીજી વ્યક્તિ પણ એ જ રીતે હોય. દરેકની પીડા સહન કરવાની ક્ષમતા અલગ-અલગ હોય છે. આજથી નથી પરંતુ વર્ષો જૂની છે. આ ટ્રેન્ડ ૧૮મી સદીમાં શરૂ થયો હતો, જે હવે સમગ્ર વિશ્વમાં ફેશનનો એક ભાગ બની ગયો છે. પશ્ચિમી દેશોમાં લોકોને ટેટૂ કરાવવું ગમે છે, પરંતુ હવે ભારતમાં પણ લોકોમાં ટેટૂ કરાવવાની હરીફાઈ ચાલી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ટેટૂ કરાવવાનું ચલણ ખૂબ જ ઝડપથી વધ્યું છે.

# એક પણ વાળ સફેદ નહીં દેખાય, તહેવાર પહેલાં આ નેચરલ હેર કલર વાળમાં લગાવો

વાળ સફેદ બહુ થઈ ગયા છે અને દિવાળી પહેલાં તમે નેચરલી રીતે બ્લેક કરવા ઈચ્છો છો તો આ કલર તમારા માટે સૌથી બેસ્ટ છે. આ નેચરલ હેર કલરથી દિવાળી પહેલાં તમે તમારો લુક ચેન્જ કરી શકો છો. દિવાળી આવે એ પહેલાં લોકો ઘરની સફાઈથી લઈને સ્કિન તેમજ વાળની અનેક રીતે કેર કરતા હોય છે. દિવાળીમાં લુકમાં ચાર ચાંદ લગાવવા કોઈ સલૂનમાં જાય છે તો કોઈ ઘરે ટ્રિટમેન્ટ કરતા હોય છે. પરંતુ વાત કરવામાં આવે તો આજનાં દિવસોમાં મોટાભાગના લોકોને વાળ સફેદ થવાની સમસ્યા હોય છે. સફેદ વાળને છુપ ાવવા માટે લોકો કેમિકલ હેર કલરનો યુઝ કરતા હોય છે, પરંતુ તમને જણાવી દઈએ કે આનાથી વાળને લાંબા ગાળે નુકસાન થાય છે. આમ, તમારા વાળ સફેદ થઈ ગયા છે તો તમે આ નેચરલ કલરનો યુઝ કરો. આ નેચરલ કલરથી હેર બ્લેક થઈ જશે. આ હેર કલરથી વાળ સિલ્કી અને શાઈની પણ થાય



છે. આ નેચરલ હેર કલર તમે મિનિટોમાં ઘરે બનાવી શકો છો. હેર કલર બનાવવા માટે બે બીટ લો. ત્યારબાદ જરૂર મુજબ મહેંદી લો. ચા પત્તીનું પાણી અને મીઠા લીમડાના પાન લેવાના રહેશે.

હવે એક બાઉલ લો અને એમાં તમારા વાળની લંબાઈ પ્રમાણે મહેંદી લો. મિક્સર જાર લો અને એમાં બીટના કટકા કરીને એડ કરો. પછી આ બીટનો રસ કાઢી લો. ત્યારબાદ બીટના રસમાં મીઠા લીમડાના પાન નાખીને ક્રશ કરી લો. હવે એક ગ્લાસ પાણી લો અને એમાં બે ચમચી ચા નાખીને ઉકાળી લો. આ પાણી અડધુ થઈ જાય ત્યાં સુધી ઉકળવા દો. ત્યારબાદ મહેંદીમાં આ વસ્તુઓ નાખીને પ્રોપર રીતે મિક્સ કરી લો. આ બધી પ્રોસેસ થઈ જાય એટલે હેર વોશ કરી લો. વાળને કોરા થવા દો. વાળમાં ડ્રાયરનો ઉપયોગ કરવાનો નથી. આ નેચરલ કલર વાળમાં લગાવો અને એક કલાક માટે રહેવા દો. પછી હેર વોશ કરી લો. ખાસ ધ્યાન રાખો કે હેર વોશ તમારે નોર્મલ શેમ્પૂથી કરવાના રહેશે. હેર વોશ કર્યા પછી કન્ડિશનરનો ઉપયોગ કરવાનો નથી.

સફેદ વાળ કોઈને ગમતા નથી. કસમયે વાળનું સફેદ થવું પણ એક બીમારી જ છે. એકવાર જો વાળ સફેદ થવાનાં શરૂ થઈ જાય તો દિવસે ને દિવસે તે વધુ સફેદ થવા લાગે છે. વાળની સુરક્ષામાં જો આપણે થોડા સચેત રહીએ તો તેમાં કુદરતી સુંદરતા અને મજબુતાઈ લાવી શકાય છે. ભાગદોડવાળી જિંદગી, વાળની સારી દેખરેખ ના થવાને કારણે અને પ્રદુષણનાં કારણે પણ વાળ કસમયે સફેદ થવા લાગે છે.

# ગ્રીન-ટી અને બ્લેક કોફીમાંથી કઈ સ્વાસ્થય માટે વધુ સારી છે



લોકો વજન ઘટાડવા અથવા સ્વસ્થ રહેવા માટે ઘણા પીણાં પીતા હોય છે. તેમાં બ્લેક કૉફી અને ગ્રીન ટી પણ સામેલ છે. સ્વાસ્થ્ય નિષ્ણાંતો પણ આ બંને પ્રકારની ચાને ફાયદાકારક ગણાવે છે. ચાલો જાણીએ કે આપણે દિવસમાં કેટલી વખત યોગ્ય માત્રામાં ગ્રીન ટી અને બ્લેક કોફી પીવી જોઈએ. આજે સમગ્ર વિશ્ર્વમાં મોટાભાગના લોકો સ્થૂળતા અને આળસનો શિકાર બની રહ્યા છે. વજન ઘટાડવા અથવા અન્ય સમસ્યાઓથી રાહત મેળવવા માટે ઘણા પ્રકારના પીણાંનું સેવન કરવામાં આવે છે. આમાં સૌથી સામાન્ય ગ્રીન ટી અને બ્લેક કોફી છે. માર્કેટમાં નવા પ્રકારની ગ્રીન ટી અને બ્લેક કૉફી આવી રહી છે. તમને જણાવી દઈએ કે ગ્રીન ટી અને બ્લેક કોફીના અલગ અલગ ફાયદા છે. આવી સ્થિતિમાં આપણા સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને, આપણે કોઈપણ વિકલ્પ પસંદ કરતા પહેલા કેટલીક બાબતો જાણી લેવી જોઈએ. જો તમે વજન ઘટાડવા અથવા અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓને દૂર રાખવા માટે ગ્રીન ટી અથવા બ્લેક કૉફીનું નિયમિત પાલન કરો છો, તો તમારે તેમની સાથે સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી જાણવી જોઈએ. ગ્રીન ટી એક ચા છે જે કેમેલિયા સિનેન્સિસ નામના છોડના પાંદડામાંથી બનાવવામાં આવે છે. ગ્રીન ટીમાં રહેલું ગ્લુકોઝ આપણા ચયાપ ચયને સુધારે છે અને વજનમાં વધારો અથવા હૃદય સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ અટકાવે છે. ગ્રીન ટીમાં એથિનાઈલ અને કેફીનનું પ્રમાણ વધુ હોય છે. જે આપણા મગજમાં થાક, તણાવ અને ચિંતાને ઘટાડે છે. કૉફી મોટાભાગે બ્રાઝિલમાં જોવા મળે છે. બ્લેક કોફી પીવાથી દિવસભરનો થાક, તણાવ, અનિદ્રા, ચિંતા અને સુસ્તી ઓછી થાય છે. બ્લેક કૉફી પીવાથી આપણું મગજ સક્રિય રહે છે. એક અભ્યાસ મુજબ બ્લેક કૉફી લીવર સંબંધિત અને ન્યુરોલોજીકલ રોગોને મટાડે છે. બન્નેમાંથી કોની પસંદગી કરવી જોઈએ? ગ્લુકોઝ મેટાબોલિઝમઃ જો દરરોજ ગ્રીન ટી અને બ્લેક કૉફીનું સેવન કરવામાં આવે તો તેનાથી ઈન્સ્યુલિન લેવલ સુધરે છે. જો કે ગ્રીન ટી દ્વારા થોડું સારું પરિણામ મેળવી શકાય છે. સંશોધન મુજબ તે બ્લડ સુગર લેવલને સારી રીતે સંચાલિત કરવામાં વધુ સક્ષમ માનવામાં આવે છે. એન્ટિઓક્સિડન્ટ્સઃ રિસર્ચ અનુસાર બંને ડ્રિંક્સમાં એન્ટિઓક્સિડન્ટ્સ મળી આવે છે. ગ્રીન ટી અને બ્લેક કૉફી તમારા લોહીના પ્રવાહમાં એન્ટીઑકિસડન્ટનું સ્તર વધારે છે, અને ગ્રીન ટીમાં સૌથી વધુ એન્ટીઑકિસડન્ટ અસરો હોય છે.

BOLLYWOOD NEWS FLASH

# કોહલી સદી ચૂક્યો તો અનુષ્કાએ શેર કરી પોસ્ટ

ધર્મશાલા ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ રમાઈ હતી. જેમ ભારતે ન્યુઝીલેન્ડને ચાર વિકિટે હરાવ્યું હતું. ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરીને ભારતને ૨૭૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતની જીતમાં સૌથી વધુ રનનું યોગદાન કોહલીએ આપ્યું હતું. વિરાટ કોહલીએ ૧૦૪ બોલમાં ૯૫ રણની શાનદાર ઈનિંગ રમી હતી. ન્યુઝીલેન્ડ સામેની આ જીત ઉજવણીનું સૌથી મોટું કારણ હતી, પરંતુ કોહલી સદી ચૂકી જતાં ફેન્સ નિરાશ થયા હતા. ત્યારે અનુષ્કા શર્માએ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પોસ્ટ કરીને વિરાટ કોહલીની શાનદાર ઈનિંગને રિએક્શન આપ્યું છે. કોહલી ૯૫ રને રમી રહ્યો હતો ત્યારે તેણે મેટ હેનરીના બોલ પર સિક્સર ફટકારવા માટે મોટો શોટ રમ્યો હતો, જોકે ગ્લેન ફિલિપ્સના હાથે કેચ ઝડપાઈ ગયો હતો.કોહલી સદી ચુકી ગયો હોવા છતાં અનુષ્કા માટે તે પ્રાઉડ મોમેન્ટ હતી. અનુષ્કા શર્માએ કોહલીની વિકેટવાળો વિડીયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો અને લખ્યું હતું, "ઓલવેઝ પ્રાઉડ ઓફ યુ (રેડ હાર્ટ ઈમોજી).





# એક્ટ્રેસ સોનાલી રાઉતની હોટ અને બોલ્ડ તસવીરો વાયરલ થઈ

। મુંબઈ, તા.૨૫ ।

બિગ બોસ સ્પર્ધક અને એક્ટ્રેસ સોનાલી રાઉત પોતાની હોટ તસવીરોના કારણે હંમેશા ચર્ચામાં રહે છે. અભિનેત્રી દરરોજ નવા બિકિની લૂકમાં જોવા મળે છે. એક્ટ્રેસ સોનાલી રાઉતની બિકિની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આગની જેમ વાયરલ થઈ રહી છે. વ્હાઈટ બિકિની લૂકમાં સોનાલી ખૂબ જ હોટ લાગી રહી છે. બિકિનીમાં સોનાલી પોતાના હોટ ફિગરને ફલોન્ટ કરે છે. ચાહકો તેનો હોટ અંદાજ જોઈ દિવાના બની ગયા છે. યલ્લો બિકિનીમાં સોનાલીએ આગ લગાવી છે. એક્ટ્રેસનો કાતિલ લૂક જોઈ ચાહકો દંગ રહી ગયા છે. સોનાલી ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ એક્ટિવ રહે છે અને મોટેભાગે પોતાની તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરે છે.



**બોલિવૂડમાં ભલે સૌથી મોટી અભિનેત્રી ન હોય પરંતુ શ્રદ્ધા કપૂર તે કલાકારોમાંની એક છે જે બધાથી અલગ દેખાય છે**



# શક્તિ કપૂરની દિકરી શ્રદ્ધા કપૂરે નવી લેમ્બોર્ગિની કાર ખરીદી

। મુંબઈ, તા.૨૫ ।

શક્તિ કપૂરની દિકરી અને અભિનેત્રી શ્રદ્ધા કપૂરે એકદમ નવી લેમ્બોર્ગિની કાર ખરીદી છે. તમને જણાવી દઈએ કે અભિનેત્રી કારની શોખીન છે અને હવે તેના કાર કલેકશનમાં લેમ્બોર્ગિની પણ સામેલ થઈ ગઈ છે. કાર શોરૂમ ઓટોમોબિલી આર્ડેન્ટ ઈન્ડિયાએ એક પોસ્ટ દ્વારા શ્રદ્ધાની નવી લેમ્બોર્ગીનીની ખરીદી વિશે માહિતી આપી છે. શોરૂમે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શ્રદ્ધાની નવી કાર સાથેના ફોટા શેર કર્યા છે. શોરૂમે નવી લેમ્બોર્ગિની સાથે શ્રદ્ધાના ફોટા પોસ્ટ કર્યા અને લખ્યું-'કોઈ અજીબ રીત નથી, શ્રદ્ધા કપૂરે હમણાં જ હ્યૂરાકન ટેકનીકા ખરીદી છે! તે બોલિવૂડમાં ભલે સૌથી મોટી અભિનેત્રી ન હોય પરંતુ શ્રદ્ધા કપૂર તે કલાકારોમાંની એક છે જે બધાથી અલગ દેખાય છે અને હવે તેને આ રોસો એન્ટેરોસ લેમ્બોર્ગિની હ્યૂરાકન ટેકનીકાનેપિક અપ કરતી જોવી તેને એકદમ કૂલ કરશે. શોરૂમ દ્વારા શેર કરવામાં આવેલી તસવીરોમાં શ્રદ્ધા કપૂર સફેદ રંગના પ્રિન્ટેડ સૂટમાં જોવા મળી રહી છે. ખુલ્લા વાળ અને કપાળ પર બિંદી સાથે નો મેકઅપ લુકમાં પણ તે ખૂબ જ સુંદર લાગે છે. તે તેની એકદમ નવી લાલ રંગની લેમ્બોર્ગિની કાર સાથે પોઝ આપતી જોવા મળે છે. તમને જણાવી દઈએ કે આ કારની કિંમત ૪.૦૪ કરોડ રૂપિયા છે. ઓટોટેક પોર્ટલ અનુસાર, આ પહેલા શ્રદ્ધાએ BMW 7 સિરીઝ ખરીદી હતી જેની કિંમત ૨.૪૬ કરોડ હતી. આ પહેલા અભિનેત્રી પાસે મર્સિડીઝ બેન્ઝ GLE હતી જેની કિંમત ૧.૦૧ કરોડ રૂપિયા હતી.

**સુપરસ્ટાર નાગાર્જુનનો પુત્ર પહેલા જ દિવસે ફ્લોપ સાબિત થયો હતો, મેકર્સને ભોગવવું પડ્યું હતુ મોટું નુક્સાન**

# ૧૦૦ કરોડમાં બનેલી સાઉથની ફિલ્મે કમાવ્યાં ફક્ત ૧૦ કરોડ રૂપિયા

। મુંબઈ, તા.૨૫ ।

સાઉથ સિનેમા પણ બોલીવુડની જેમ હવે મોટા બજેટમાં ફિલ્મ બનાવી રહ્યું છે પણ દર્શકો તરફથી તમામ મોટી ફિલ્મોને એટલો પ્રેમ નથી મળી રહ્યો. હવે એ સમય જતો રહ્યો કે જ્યારે માત્ર અભિનેતાનાં નામથી લોકો ફિલ્મ જોવા માટે થિયેટર્સમાં પહોંચી જતાં હતાં. કોઈ ફિલ્મની ઓપનિંગ ભલે એડવાંસ બુકિંગ દ્વારા થતી હોય પણ પાછળથી તેના કલેક્શન, કંટેટ કે રિવ્યૂનાં આધાર પર ફિલ્મની સફળતા માપી શકાય છે. આ વર્ષે ઘણી મોટાં બજેટની ફિલ્મો ફલોપ થઈ છે તેવામાં સાઉથની આ મૂવીનું બજેટ ૧૦૦ કરોડ હતું પણ પહેલા જ દિવસે બોક્સ ઓફિસમાં ચિલ્લરની કમાણી થઈ હતી. સાઉથની મોટા બજેટવાળી ફિલ્મ છ્ષ્નીહં ૨૮ એપ્રિલ ૨૦૨૩નાં રિલીઝ થઈ હતી. આ એક તેલુગુ ભાષાની સ્પાય એક્શન ફિલ્મ છે જે સુરેન્દ્ર રેડ્ડી દ્વારા ડાયરેક્ટ કરવામાં આવી છે. આ ફિલ્મમાં સુપરસ્ટાર નાગાર્જુનનો નાનો દીકરો અખિલ અક્કિનેની લીડ રોલમાં છે. ફિલ્મમાં મલયાલમ સ્ટાર મમૂટી અને બોલીવૂડ અભિનેતા ડિનો મોરિયા પણ છે. આ તેલુગુ સિનેમામાં સાક્ષી વૈદ્ય અને મોરિયાની પહેલી ફિલ્મ છે. પણ અફસોસ એ છે કે તેમને તેલુગૂ ડેબ્યૂનાં પહેલા પ્રયાસમાં સફળતા નથી મળી અને આ મૂવી સંપૂર્ણપણે એક ડિઝાસ્ટર સાબિત થઈ છે. આ ફિલ્મની ઘોષણા ૨૦૨૦માં કરવામાં આવી હતી અને તેની શૂટિંગ હૈદ્રાબાદ, બુડાપેસ્ટ, વિશાખાપટ્ટનમ અને મનાલીમાં કરવામાં આવી હતી.



# ભારત દેશના આન બાન શાન તીરંગાનુ ઝાલા વસૈયા ચોક ખાતે દાહોદ સાંસદના હસ્તે લોકાર્પણ કરાયું

## નગરપાલિકા દ્વારા યોજિત કાર્યક્રમમાં ઝાલોદ સાંસદ, ફતેપુરા સાંસદ, નગર પાલિકા પૂર્વ કાઉન્સિલરો, પોલીસ સ્ટાફ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ નગરના મુવાડા ચોકડી ખાતે ઝાલા વસૈયા ચોક પર ભારત દેશનુ ગૌરવ એવા રાષ્ટ્રધ્વજ તિરંગાનુ લોકાર્પણ આજરોજ તારીખ ૨૫-૧૦-૨૦૨૩ ના બુધવારના રોજ દાહોદ સાંસદના હસ્તે કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રધ્વજના લોકાર્પણ પહેલા એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાહેર સભામાં દાહોદ જિલ્લા સાંસદ, ઝાલોદ અને ફતેપુરાના ધારાસભ્યો, મામલતદાર,નાયબ મામલતદાર, નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલરો, ડી.વાય.એસ.પી તેમજ નગરજનો ઉપસ્થિત રહેલ હતા. આ સભાની શરુંવાત દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યું હતું ત્યારબાદ સ્વાગત ગીત અને પ્રાર્થના દ્વારા સભાની શરુંવાત કરવામાં આવી હતી. દાહોદ જિલ્લા સાંસદ દ્વારા રાષ્ટ્રધ્વજના લોકાર્પણ પહેલા નગરમાં ચાલતી યોજનાઓ અને આવનાર સમયમાં હાથ ધરવામાં આવનાર કામગીરીની જાણકારી આપી હતી. ભારત દેશના સ્વર્ણિમ ઉજવણી પ્રસંગે ૧૩ લાખના ખર્ચે બારેમાસ સતત અવિરત રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાશે તે માટે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રધ્વજ જમીન થી ૧૦૦ ફૂટ ઉંચો હવામાં સદાય લહેરાતો રહેશે. આ રાષ્ટ્રધ્વજ અંદાજીત ૨૦ ફૂટ ઉંચો અને ૩૦ ફૂટ પહોળો છે. રાષ્ટ્રધ્વજના લોકાર્પણ પ્રસંગે નગરના લોકો આ ગૌરવવંતી ક્ષણને નિહાળવા મોટાં પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા. નગરપાલિકા દ્વારા તિરંગા ફુગ્ગાઓ આકાશમાં છોડવામાં આવ્યા હતા. આ નજારો જોવા લાયક હતો આખું નભ તિરંગા ફુગ્ગા સાથે છવાઈ ગયું હતું. દાહોદ જિલ્લા પોલિસ દ્વારા આ સ્વર્ણિમ પ્રસંગને યાદગાર બનાવવા માટે પોલિસ બેન્ડ દ્વારા ભારતના રાષ્ટ્રીય ગીતનું સંગીત વગાડવામાં આવ્યું હતું સાથે સાથે રાષ્ટ્રગીત પૂરું થતાં આમંત્રિત મહેમાનો, નગરજનો તેમજ પોલિસ સ્ટાફ દ્વારા ભારતના રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

# સ્વચ્છતા એ જ સેવા : રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોની આંગણવાડી, શાળાઓમાં સઘન સ્વચ્છતા

। રાજકોટ, તા.૨૫ ।

''સ્વચ્છતા એ જ સેવા'' અંતર્ગત હાલ રાજકોટ જિલ્લામાં જનભાગીદારી સાથે સઘન સ્વચ્છતા ઝુંબેશ ચાલી રહી છે. હાલમાં જ જિલ્લાના વિવિધ તાલુકાની આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ વગેરેમાં વ્યાપક સ્વચ્છતા કરવામાં આવી હતી. એક સમયે જ્યાં કચરો દેખાતો હતો તેવા વિસ્તારોની કાયાપલટ કરીને સ્વચ્છ, સુઘડ અને સુંદર બનાવાયા હતા.

જિલ્લાના ધોરાજી તાલુકામાં ચિંચોડમાં આંગણવાડી, હડમતીયાની આંગણવાડી, નાની પરબડી ગામમાં વિવિધ વિસ્તારોમાં સરકારી તંત્ર, શિક્ષકો, આંગણવાડીની બહેનો તેમજ લોકોએ સાથે મળીને સ્વચ્છતા કરી હતી. જ્યારે જસદણની કુંદાની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ સાથે મળીને સ્વચ્છતા એ જ સેવાનું સૂત્ર સાર્થક કર્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં ઉપલેટા




તાલુકાના ઢાંક ગામમાં જ્યારે જામટીંબડી ગ્રામ પંચાયત, રફાળામાં સરકારી કચેરી, ખેરડીમાં આંગણવાડી, બેડલાની પ્રાથમિક શાળા, સાતોદડની પ્રાથમિક શાળા, મોવિયાના બાંદરામાં મંદિર પાસે, ખાંડધાર ગામમાં તેમજ હમીરપરાના દડવામાં વ્યાપક સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને નકામો કચરો, વધારાનું ઊગી ગયેલું ઘાસ, ઝાડી-ઝાંખરા દૂર કરીને વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાનું સૂત્ર સાર્થક કરાયું હતું.

### છેલ્લા ઘણા વખતથી ગામ લોકોને પરેશાન કરતો હતો

# નર્મદાના તિલકવાડા તાલુકાના મારૂંઢયા ગામેથી દીપડો પાંજરે પુરાયો

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૫ ।

નર્મદાના તિલકવાડા તાલુકાના મારૂંઢયા ગામેથી દીપડો પાંજરે પુરાયો છે.છેલ્લા ઘણા વખતથી આ દીપડો ગામ લોકોને પરેશાન કરતો હતો. જેને કારણે લોકોના જીવ પડીકે બંધાયા હતાં. પણ વન વિભાગના સહયોગથી દીપડો પાંજરે પૂરાતા ગામ લોકોએ રાહતનો દમ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે તિલકવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાએ આતંક મચાવ્યો હતો. વારંવાર પશુઓને શિકાર બનાવી રહયોહતો.

હાલ થોડા સમય પહેલા વાડિયા, વાસણ,કાલાઘોડા ત્યાર બાદ સાવલી વસાહત સીમ વિસ્તારમા દીપડાએ પશુઓને શિકાર બનાવી હોવાની ઘટના સામે આવી હતી.એ ઉપરાંત મારૂંઢયા ટેકરા તેમજ આસપાસના વિસ્તારમાં પણ દીપડાએ મરઘાં બકરા અને પાડાને શિકાર બનાવ્યા હતા. આ વિસ્તારમાં મોટા ભાગે ખેડૂતો રહે છે અને હાલ વિજળી વિભાગ તરફથી ખેતી માટે રાત્રીના વીજળી આપવા આવે છે.જેના કારણે ખેડૂતોને રાત્રીના સમયે ખેતરમાં અવર જવર કરવી પડે છે.ત્યારે વારંવાર આવી બનતી ઘટનાને પગલે ગ્રામ્ય વિસ્તારમાં લોકો રાત્રીના સમયે ઘરની બહાર નીકળતા ડર અનુભવે છે. ઘણી વાર આવી ઘટનાઓ બનતા જંગલ ખાતા તરફ થી તિલકવાડા તાલુકાના મારૂંઢયા, ફતેપુરા, ઘાણીખોડ તેમજ અન્ય કેટલાક વિસ્તારોમાં પાંજરા મૂકવામાં આવ્યા હતાં.જેના પગલે રાત્રીના



સમયે મારૂંઢયા ગામે બે વર્ષીય દીપડો પાંજરે પુરાઈ ગયો હતો. આ દીપડાને વન વિભાગ દ્વારા સલામત સ્થળે છોડી મુકવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે આ દીપડો પાંજરે પૂરતા દીપડાને જોવા માટે લોકટોળા ઉમટી પડ્યા હતા.

આ દીપડો પાંજરે પૂરતા લોકોએ રાહતનો અનુભવતો કર્યો છે. પરંતુ ગામ લોકોનું કહેવું છે કે આ વિસ્તારમાં હજુ પણ દીપડા હોવાની સંભાવના રહેલી છે. જેથી હજુ પણ પાંજરું મુકવામાં આવે અને દીપડા પકડી સલામત સ્થળે છોડી મુકવામાં આવે તેવી લોક માંગ છે.વધુ માં ગામ લોકો નું કહેવું છે કે વીજળી વિભાગ તરફથી રાત્રીના સમયે ખેતી માટે વીજ પુરવઠો આપવામાં આવે છે પરંતુ રાત્રીના સમયે ખેતર માં જવા માટે ખડુતો ને જંગલી જાનવરોનો ડર સતાવે છે જેથી દિવસના સમય દરમિયાન ખેતી માટે વીજ પુરવઠો આપવા માટે ખેડૂતો દ્વારા માંગ કરવામાં આવી છે.

# પિછોડા ખાતે નવરાત્રી પર્વની રંગેચંગે કરી અને ગરબાની વિદાય આપી



। ઝાલોદ, તા.૨૫ ।

સંજેલી તાલુકાના પીછોડા રાષ્ટ્રભક્તિ જન સેવા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરક આઝાદ ભારતી બાળ સંસ્કાર કેન્દ્ર પીછોડાના પ્રેરક વિનોદકુમાર સોલંકીએ ભારતમાતા ભક્તિ મંદિર પર નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને નવરાત્રિના નવ દિવસો સુધી કલાકારો દ્વારા ખેલૈયાઓને મોજ કરાવી હતી. આ ટ્રસ્ટના ખજાનચી શ્રીમતી મીનાક્ષીબેન બી. દ્વારા સ્ટીલની ડિશોનું વિતરણ કરવામાં આવ્યું. આ ગામના પ્રથમ નાગરિક રાવત ચંદુભાઈ સાહેબ અને ગ્રામ પંચાયત પીછોડા દ્વારા સૌ ભક્તોને સ્ટીલની વાટકીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. દશેરાના દિવસે શસ્ત્રોનું પૂજન કરવામાં આવેલ અને પૂજા કર્યા બાદ ભારતમાતા ભક્તિ મંદિરથી ધામધૂમ થી ચિબોટા નદીના પવિત્ર જળમાં આરતી પૂજા કરીને માતાજીના ગરબાની વિદાય આપવામાં આવી હતી. સૌ ભક્તોજનો અને નાના બાળકોએ માતાજીના પ્રસાદ લઈને આનંદભેર છૂટા પડ્યા હતા.

# અમરેલી જિલ્લાના જસવંતગઢ, મેડી, સમઢિયાળા-૦૧ સહિતના ગામોમાં સ્વચ્છતા અભિયાન યોજાયુ

। અમરેલી, તા.૨૫ ।

સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત વિજ્યા દશમીના પાવન અવસરે રજાના માહોલની વચ્ચે પણ અમરેલી જિલ્લાના ગામડાંઓમાં સ્વચ્છતાં અભિયાન યોજાયુ હતું.

અમરેલી જિલ્લાના સ્વચ્છાગ્રહીઓએ આ પ્રસંગે સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લીધો હતો. મંગળવારે અમરેલી તાલુકાના જસવંતગઢ મેડી ખાતે શાળા અને આંગણવાડીઓની સાફ સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યમાં આંગણવાડીના બહેનો, શાળાના શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જ્યારે રાજુલા તાલુકાના સમઢિયાળા-૦૧ ખાતે જય યોગેશ્વર સખી મંડળ દ્વારા શિવજીના મંદિરની આસપાસ સાફ સાફઈ કરવામાં આવી હતી. જિલ્લામાં ''સ્વચ્છતા એ જ સેવા'' કાર્યક્રમ અંતર્ગત તા. ૨૩ ઓકટોબર થી ૨૮ ઓક્ટોબર,૨૩ સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડિંગ, શાળા અને કોલેજ કેમ્પસ ખાતે સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે. આગામી રવિવારે ગ્રામ્ય અને શહેરના અનિયમિત



વિકસિત અને અવિકસિત વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ યોજાશે.

# ઝાલોદ મુવાડા ઝાલા વસૈયા ચોકની પાસે આવેલ શૌચાલય કેટલાય સમયથી બંધ હાલતમાં

## શૌચાલયની પાસે આવેલ હેન્ડપંપના પાણીનો યોગ્ય નિકાલ ન થતાં ગંદકી જોવા મળી

। ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ નગર મુવાડા ચોકડી પાસે ઝાલા વસૈયા બસસ્ટોપની પાછળ નગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે શૌચાલય બનાવેલ છે. તે શૌચાલય કેટલાય સમયથી બંધ હાલતમાં જોવા મળી રહેલ છે. લોકહિત માટે જાહેર જનતાની સુખાકારી માટે બનાવેલ શૌચાલય બંધ રહેતા જાહેર જનતાને હાલાકી ભોગવવી પડી રહેલ છે. આ શૌચાલયની પાસે પાણી માટેનો માટેનો હેંડપંપ આવેલ છે. આ હેંડપંપનો ઉપયોગ જાહેર જનતા કરતી હોય છે.આ હેંડપંપના પાણીનો કોઈ યોગ્ય નિકાલ ત્યાં જોવા મળતો નથી. આ પાણી રોડ પર આવતા ત્યાં ગંદકી જોવા મળેલ છે. તેમજ તે વિસ્તારમાં આજુબાજુ ખાણી પીણીની હાથલારીઓ પણ આવેલ છે જેથી ત્યાં આવતા જતા રાહગીરીઓને આ ગંદકીનો સામનો કરવો પડે છે. જાહેર જનતા માટે બનાવેલ આ શૌચાલય કેમ બંધ છે...તેમજ બંધ હોવા છતાય



નગરપાલિકાના સત્તાધીકારી આ શૌચાલય ચાલુ કેમ નથી કરાવતા. આ જાહેર જનતાની સુખાકારી માટે બનાવેલ શૌચાલય જો ચાલુ કરવામાં આવે તો ઘણા બધા આવતા જતા રાહગીરોને રાહત થાય તેમ છે. નગરપાલિકા જાહેર જનતાની સુખાકારીની ચિંતા કરી તેને સત્વરે ચાલુ કરાવે તેવી લોકમાંગ ઉભી થવા પામી છે. તેમજ શૌચાલયની પાસે આવેલો પાણીના હેન્ડપંપ માંથી નીકળતા પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા નગરપાલિકા કરે તેવું જાહેર જનતાનું માનવું છે. હવે જોવાનું રહ્યું કે નગરપાલિકા આ અંગે શું પગલાં લે છે.

# વલસાડ જિલ્લાની પાંચ પાલિકાઓ દ્વારા શાળા-આંગણવાડી અને ખાનગી બિલ્ડિંગોની સફાઈ કરાઈ

। વલસાડ, તા.૨૫ ।

સ્વચ્છતા એ જ સેવા અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાની ઉમરગામ નગરપાલિકા દ્વારા નગરમાં આવેલી ખાનગી બિલ્ડીંગોની સફાઈ કરવામાં આવી હતી. વાપી નગર પાલિકા દ્વારા ચલા અપનાઘર આંગણવાડી અને ચલા હળપતિવાસ આંગણવાડીની સાફ-સફાઈ કરવામાં આવી હતી. વલસાડ નગરપાલિકા દ્વારા શાહ એન.એચ. કોમર્સ કોલેજ અને જે.પી શ્રોફ આર્ટ્સ કોલેજની સાફ-સફાઈ, ધરમપુર નગરપ



ાલિકા દ્વારા શાળાઓની બહાર સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. પારડી નગરપાલિકા દ્વારા શાળાઓની (પારનદી પ્રાથમિક શાળા, હનુમાન ડુંગરી પ્રાથમિક શાળા, જોગમોરડી પ્રાથમિક શાળા, પોણીયા પ્રાથમિક શાળા, નવીનગરી પ્રાથમિક શાળા, સરસ્વતી શિશુમંદિર) સાફ સફાઈ કરવામાં આવી હતી.

# વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જોરશોરથી ચાલતું સ્વચ્છતા હી સેવા અભિયાન

। વડોદરા, તા.૨૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાન વડોદરા જિલ્લામાં જોરશોરથી ચાલી રહ્યું રહ્યું છે. સફાઇ દરમિયાન નીકળેલી અળશનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. શીનોર તાલુકાના સાંધા ગામે સ્વચ્છતા હી સેવા અભિયાનની કમાન ગામની પ્રાથમિક શાળાના બાળકોએ હાથમાં લીધી હતી અને શાળા પરિસર ઉપરાંત જાહેર સ્થળોને વાળીચોળી સાફ કરી નાંખ્યા હતા. બાળકો સાથે ગ્રામજનો પણ સફાઇ ઝૂંબેશમાં જોડાયા હતા. ગ્રામજનોએ જાહેરમાં કચરો ના ફેંકવાના સંકલ્પ લીધા હતા. એ જ રીતે કરજણ તાલુકાના ખેરડા તથા વીરજાઈ ગામે પણ ગ્રામજનો સાથે શાળા પરિવાર પણ સફાઇ અભિયાનમાં જોડાયો હતો. ગામના જાહેર સ્થળોની ઉત્સાહભેર સફાઇ કરવામાં આવી હતી. અહીં સફાઇ દરમિયાન કાઢવામાં આવેલા કચરાનો યોગ્ય રીતે નીકાલ કરવામાં આવ્યો હતો.

# વડોદરા શહેરના અધૂરું ભણતર છોડેલા બાળકોનું શૈક્ષણિક પુનઃવર્સન કરાવાશે

। વડોદરા,, તા.૨૫ ।

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત દર વર્ષે જુદા જુદા કારણોસર શાળા બહાર રહી ગયેલ, કદી શાળાએ ન ગયેલા અને અધ્ધ વચ્ચેથી શાળા છોડી ગયેલા ૬ થી ૧૯ વયજુથના બાળકોને ભણતા કરવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા કોર્પોરેશન દ્વારા વિશેષ આયોજન કરવામાં આવે છે.

જે અંતર્ગત ધો.૧ થી ૧૨ સુધીનું શિક્ષણ પુર્ણ કરી શકયા નથી તેવા શાળા બહારના બાળકો અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા ૬ થી ૧૯ વર્ષના તમામ બાળકોનો સર્વે હાથ ધરવામા આવનાર છે. સર્વે બાદ આ બાળકોની ઓળખ, નામાંકન અને શૈક્ષણિક પુનઃવર્સન માટેની કામગીરી કરવામાં આવનાર છે. શાળા પ્રવેશોત્સવ દરમ્યાન બાળકની વયકક્ષા મુજબ જે તે ધોરણમાં નામાંકનના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

તદુપરાંત ધોરણ-૫ ના તમામ બાળકો ધોરણ-૬ મા પ્રવેશ મેળવે તેમજ ધોરણ–૮ ના તમામ બાળકો ધોરણ-૯ માં નામાંકન કરવા તે માટે યુ.આર.સી., સી.આર.સી., આચાર્યો અને શિક્ષકો દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. માનવ વસાહત ધરાવતા કેટલાક વિસ્તારોના બાળકો કોઈ કારણથી આવરી લેવાયા ન હોય અથવા શિક્ષણની મુખ્ય ધારામાંથી અધવચ્ચે શિક્ષણ છોડી દીધેલ હોય તેવા ૬ થી ૧૯ વયજુથના શાળા બહારના બાળકોનો સર્વે પ્રક્રિયા દ્વારા ઓળખ કરવામાં આવનાર છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. આજનો દિવસ તમારી માટે અનુકૂળ છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે. તમારા પ્રિયપાત્રનું. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો. કોઈક નવા સંયુક્ત સાહસ માટે તમારી જાતને તૈયાર કરવાનું ટાળો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. આજે તમે કોઈ સાથીદાર સાથે સાંજ વિતાવી શકો છો.

## ન્યુઝ બોક્ષ

### અમેરિકાએ આતંકી સંગઠનોને સુરક્ષા અને આશ્રય આપતાં દેશોની ટીકા કરી

। વોશિંગ્ટન, તા.૨૫ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ વિકરાળ સ્વરૂપ ધારણ કરતું જઈ રહ્યું છે ત્યારે અમેરિકા આ યુદ્ધમાં મોટાપાયે સક્રિય દેખાઈ રહ્યું છે. અમેરિકાએ આતંકી સંગઠનોને સુરક્ષા અને આશ્રય આપતાં દેશોની આકરી ટીકા કરી હતી. અમેરિકી વિદેશમંત્રી એન્ટોની બ્લિંકને મુંબઈમાં પાકિસ્તાનના લશ્કર-એ-તોયબા દ્વારા અને ઈઝરાયલમાં હમાસ દ્વારા કરાયેલા આતંકી હુમલાઓ વચ્ચે સમાનતા બતાવતાં તેને ગેરકાયદે ગણાવ્યાં છે. તેમણે કહ્યું કે તમામ આતંકી કૃત્યો ગેરકાયદે અને અયોગ્ય છે. અમેરિકી વિદેશમંત્રી એન્ટોની બ્લિંકને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિદમાં કહ્યુ કે આપણે એવા દેશોની આકરા શબ્દોમાં ટીકા કરવી જોઈએ જે આતંકી સમૂહોને હથિયારો આપે છે, તેમને ફન્ડિંગ કરે છે અને ટ્રેનિંગ આપવા જેવા કૃત્યો કરે છે. આપણે કોઈપણ દેશને તેની રક્ષા કરવા અને આવી ભયાવહતાનું પુનરાવર્તન થતું રોકવાના તેના અધિકારોને સમર્થન આપવું જોઈએ.

### એન્ટોરિયોમાં ગોળીબારમાં 3 બાળક સહિત પાંચનાં મોત

। ઓન્ટોરિયો, તા.૨૫ ।

કેનેડામાં ફરી એકવાર ગોળીબારની ઘટના બની છે જેમાં ત્રણ બાળકો સહિત કુલ પાંચ લોકોના મોત થયા છે. સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર આ ઘટના સોમવારે રાત્રે બની છે. પોલીસ હાલ આ ઘટનાની તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર રાત્રે ૧૦.૨૦ વાગ્યે ગોળીબારની ઘટના ની જાણ થઈ હતી, પોલીસને ઘટના અંગે જાણ થતા જ ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યાં તેમને પહેલા ૪૧ વર્ષીય યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો ત્યારબાદ ૬ વર્ષના અને ૧૨ વર્ષના બાળકોના મૃતદેહ પણ મળ્યા હતા. આ સિવાય પોલીસને ૪૫ વર્ષિય વ્યક્તિ પણ ગોળીબારમાં ઘાયલ થયેલો જોવા મળ્યો હતો. આ ઘટના કેનેડાના ઉત્તરી ઓન્ટોરિયો શહેરમાં ફાયરિંગની ઘટના બની હતી.

### ગોલ્ડન પાસપોર્ટ માટે ભારતીયોમાં રસ વધ્યો છે

# ગોલ્ડન પાસપોર્ટ મેળવવા ભારતીય લોકોનો ધસારો

## કોઈ દેશમાં સારી એવી રકમનું રોકાણ કરીને તેના બદલામાં સિટિઝનશિપ મેળવવામાં આવે ત્યારે તેને ગોલ્ડન પાસપોર્ટ ફેસિલિટી કહેવામાં આવે છે

। નવી દિલ્હી, તા.૨૫ ।

આજકાલ ધનિક ભારતીયો **Golden Passport** મેળવવા માટે ધસારો કરી રહ્યા છે. હાલમાં ગોલ્ડન પાસપોર્ટ માટે જે કુલ અરજીઓ આવે છે તેમાં લગભગ ૧૦ ટકા હિસ્સો ભારતીયોનો છે. વર્ષ ૨૦૨૨માં ગોલ્ડન પાસપોર્ટની કુલ અરજીઓમાં ૯.૪ ટકા હિસ્સો ભારતીયોનો હતો. ગોલ્ડન પાસપોર્ટ મેળવવા માટે તમારે કોઈ દેશમાં નોંધપાત્ર ઈન્વેસ્ટમેન્ટ કરવાનું હોય છે અથવા ત્યાંની કંપનીમાં શેર ખરીદવા પડે છે. તેની સામે તમને ઢગલાબંધ દેશોનું એક્સેસ મળી જાય છે અને બિઝનેસને ઝડપથી વિસ્તારી શકાય છે. જ્યારે કોઈ દેશમાં સારી એવી રકમનું રોકાણ કરીને તેના બદલામાં સિટિઝનશિપ મેળવવામાં આવે ત્યારે તેને ગોલ્ડન પાસપોર્ટ ફેસિલિટી કહેવામાં આવે છે. ભારતમાં બિઝનેસમેન કોમ્યુનિટી આ પાસપોર્ટ મેળવવામાં આગળ છે અને તેઓ સૌથી વધારે અરજીઓ કરે છે. તેમને ગોલ્ડન



પાસપોર્ટની મદદથી પોતાનો બિઝનેસ ફેલાવવામાં પણ મદદ મળે છે. સામાન્ય રીતે એક લાખ ડોલરથી લઈને ૧૦ લાખ ડોલર સુધીના રોકાણ પર ગોલ્ડન પાસપોર્ટ મળી જાય છે. ભારતીયો જ્યારે ઈન્ટરનેશનલ બિઝનેસ કરવા માગતા હોય અથવા વિદેશમાં કારકિર્દી બનાવવી હોય ત્યારે તેમને ટ્રાવેલની સમસ્યા સૌથી વધારે નડે છે. ભારતીય પાસપોર્ટ દ્વારા તમને માત્ર ૬૦ દેશોમાં વિઝા-ફ્રી એન્ટ્રી મળે છે અને તેમાં પણ મોટા ભાગના સાધારણ દેશો હોય છે. એટલે કે ભારતીય પાસપોર્ટ અને તાજિકિસ્તાનનો પાસપોર્ટ બંને એક સરખા પાવરફૂલ છે. તેથી આધુનિક દેશોમાં જવું હોય તો ગોલ્ડન પાસપોર્ટ બહુ ઉપયોગી બને છે. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના પ્રોફેસર અને ગોલ્ડન પાસપોર્ટ વિશે બુક લખનારા ક્રિષ્ટિન સુરાક કહે છે કે તમે સેઈન્ટ કિટ્સ અથવા નેવિસ જેવા ટચૂકડા દેશ અથવા કોઈ કેરેબિયન દેશના સિટિઝન બની જાવ તો તમને ૧૫૭ દેશોમાં વિઝા ફ્રી એક્સેસ મળી શકે છે. તેમાં યુરોપિયન યુનિયન અને યુકે પણ સમાવિષ્ટ છે. એટલે કે ભારતીય પાસપોર્ટની તુલનામાં ગોલ્ડન પાસપોર્ટ ઘણો વધારે શક્તિશાળી છે. તમારે કોઈ પ્લેનમાં તાત્કાલિક જવાનું હોય અથવા બિઝનેસ મિટિંગ માટે કોઈ દેશની સરહદ પાર કરવી હોય તો ગોલ્ડન પાસપોર્ટથી તમારું કામ આસાનીથી થઈ જાય છે.

### ભરતપુરમાં બે પક્ષો વચ્ચે વિવાદિત જમીનને લઈને ઝઘડો

## જમીનના ઝઘડામાં યુવકની ૮ વખત ટ્રેક્ટર ફેરવીને હત્યા

। ભરતપુર, તા.૨૫ ।

રાજસ્થાનના ભરતપુરમાં બે પક્ષો વચ્ચે વિવાદિત જમીનને લઈને ઝઘડો થઈ ગયો હતો. જેમાં એક યુવકની ટ્રેક્ટરથી કચડી હત્યા કરી નાખવામાં આવી. હેવાનિયતની તમામ હદો પાર કરતા એક વખત નહીં પરંતુ ૮ વખત યુવકને ટ્રેક્ટરથી કચડ્યો. પરિવારજનોએ યુવકને બચાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ ટ્રેક્ટર વાળાએ તેમની એક વાત ન માની. તે બસ તેજીથી યુવક ઉપર ટ્રેક્ટર ચલાવતો રહ્યો. બીજી તરફ લોકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી લીધો. જે હવે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. બંને પક્ષો વચ્ચે જમીન મુદ્દે લડાઈ ચાલુ થઈ હતી. આ લડાઈમાં ૧૨ લોકો ઘાયલ પણ થઈ ગયા છે. આ તમામની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ મામલો બયાના પોલીસ સ્ટેશન વિસ્તારના અડ્ડા ગામનો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગામના બે પક્ષ બહાદુર સિંહ ગુર્જર અને અતર સિંહ ગુર્જરના પરિવાર વચ્ચે જમીનને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. બંને પક્ષો વચ્ચે ત્રણ દિવસ પહેલા પણ ઝઘડો થયો હતો.

## એનસીઈઆરટીના પુસ્તકોમાં ઈન્ડિયાનું નામ બદલીને ભારત કરવામાં આવશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી)ના પુસ્તકોમાં હવે ઈન્ડિયાનું નામ બદલીને 'ભારત' કરવામાં આવશે. એનસીઈઆરટીદ્વારા રચાયેલી સમિતિએ સર્વાનુમતે નિર્ણય લીધો છે. આ માટે એનસીઈઆરટીએ ૧૯ સભ્યોની રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને અધ્યાપન સામગ્રી સમિતિ (એનએસટીસી)ની રચના કરવામાં આવી હતી. વિપક્ષી ગઠબંધને તેનું નામ બદલીને ઈન્ડિયારાખ્યા બાદ આ મુદ્દે સતત ચર્ચા ચાલી રહી છે. હવે સમાચાર છે કે ટૂંક સમયમાં એનસીઈઆરટી પુસ્તકોમાં દરેક જગ્યાએથી ઈડિયાશબ્દને બદલે ભારત શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. એનસીઈઆરટીપેનલ સમક્ષ આને લગતો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેને સર્વસંમતિથી સ્વીકારવામાં આવ્યો હતો. પેનલના સભ્યોમાંથી જણાવવામાં આવ્યુ હતું કે આ દરખાસ્ત થોડા મહિના પહેલા જ કરવામાં આવી હતી જેને હવે સ્વીકારી લેવામાં આવી છે. આ ઉપરાંત સમિતિએ પ્રાચીન ઈતિહાસની જગ્યાએ શાસ્ત્રીય ઈતિહાસનો સમાવેશ કરવાની ભલામણ પણ કરી હતી. અભ્યાસક્રમમાં તમામ વિષયોમાં ભારતીય જ્ઞાન પ્રણાલી (આઈકેએસ) એટલે કે ઈન્ડિંયન નૉલેજ સિસ્ટમની શરુઆત પણ આ નવા ફેરફારનો એક ભાગ છે. આ સમિતિ તે ૨૫ સમિતિઓમાંથી એક છે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ અભ્યાસક્રમમાં ફેરફાર કરવા માટે કેન્દ્રીય સ્તરે એનસીઈઆરટીસાથે કામ કરી રહી છે.

### વિધાનસભાની ચૂંટણીઓ માટે પ્રચારનો ધમધમાટ

## હું લખીને આપું છું કે હવે મોદી સરકાર નહીં આવે : રાહુલ ગાંધી

### કોંગ્રસ નેતા રાહુલ ગાંધીએ જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક સાથે વાતચીત કરી



। નવી દિલ્હી, તા.૨૫ ।

આગામી નવેમ્બર ડિસેમ્બરમાં ૫ રાજ્યોમાં લોકસભાની સેમિફાઈનલ કહેવાતી વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે, જેનું હાલ ધમધોકાટ પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે. આ ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ ૨૦૨૪માં લોકસભા ચૂંટણીઓ યોજાવાની છે, જે માટે મોટાભાગના પક્ષોએ અત્યારથી જ યોજનાઓ ઘડવાની શરૂ કરી દીધી છે. તો કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ ચૂંટણીઓ પહેલા ખુબ જ સક્રિય જોવા મળી રહ્યા છે. દરમિયાન રાહુલ અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક મુલાકાત થઈ હતી, જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને વચ્ચે ૨૮ મિનિટ સુધી થયેલી વાતચીત દરમિયાન મોદી સરકારનો પણ ઉલ્લેખ કરાયો હતો.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક સાથે વાતચીત કરી હતી. ૨૮ મિનિટની વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ સત્યપાલ મલિકને વિવિધ મુદ્દાઓ ઉપર વાત કરી. વાતચીત દરમિયાન સત્યપાલ મલીકે કહ્યું કે, 'ચૂંટણીને માત્ર ૬ મહિના બાકી છે. હું લખીને આપું છું કે, હવે આ (મોદી સરકાર) નહીં આવે...'

વાતચીત દરમિયાન રાહુલ ગાંધીએ મલિકને કહ્યું કે, મને લાગે છે કે, ભારતનું રાજકારણ બે વિચારધારાની લડાઈ છે, એક ગાંધીવાદી અને બીજી આરએશએશની... બંનેના વિઝન હિન્દુત્વ છે... એક અહિંસા અને ભાઈચારાની વિચારધારા છે, બીજી નફરત અને અહિંસાની... આ બાબતે તમારું શું કહેવું છે?

આ સવાલના જવાબમાં સત્યપાલ મલિકે કહ્યું કે, મારું માનવું છે કે, હિન્દુસ્તાન એક દેશ તરીકે ત્યારે જ સર્વાઈવ કરશે, જ્યારે લિબરલ હિન્દુજમના રસ્તે ચાલશે... આ ગાંધીનું વિઝન હતું, તેઓ ગામે ગામ ગયા હતા, ત્યારે આ વિઝન સુધી પહોંચ્યા હતા... જો આ વિચારધારા પર દેશ ચાલશે, ત્યારે જ ચાલી શકશે, નહિં તો ટુકડા થઈ જશે... આપણે લડાઈ-ઝગડા કર્યા વગર એક થઈને રહેવું પડશે.

મલિકે કહ્યું કે, લોકોએ ટીવી જોવાનું બંધ કરી દીધું છે, તે સારી વાત છે. આપણી પાસે સોશિયલ મીડિયાનું માધ્યમ છે, જોકે આ લોકો તેના પર પણ લગામ કસવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### વિશેષ

### દાનવતા પર માનવતાની પૂર્ણ વિજયનો શક્તિ પર્વ વિજયાદશમી આપણે દર વર્ષે ઉજવીએ છીએ

# શ્રી વિજયાદશમી ઉત્સવ મા. ડો. મોહનજી ભાગવતનું ઉદબોધન

આજના કાર્યક્રમના પ્રમુખ અતિથી શ્રી શંકર મહાદેવાનજી, મંચ પર ઉપસ્થિત મા. સરકાર્યવાહજી, વિદર્ભ પ્રાંતના મા. સંઘચાલક, નાગપુર મહાનગરના મા. સંઘચાલક, નાગપુર મહાનગરના મા. સહ સંઘચાલક અન્ય અધિકારીગણ, નાગરિક સજ્જન, માતા ભગિની તથા આત્મીય સ્વયંસેવક બંધુ. દાનવતા પર માનવતાની પૂર્ણ વિજયનો શક્તિ પર્વ વિજયાદશમી આપણે દર વર્ષે ઉજવીએ છીએ. આ વર્ષ આ વખતે આપણું ગૌરવ, હર્ષોલ્લાસ તથા ઉત્સાહ વધે એવી ઘટનાઓ લઈને આવ્યો છે.

ગતવર્ષ આપણે જી-૨૦ના યજમાન રહ્યા. વર્ષભર સદસ્ય રાષ્ટ્રોના રાષ્ટ્રપ્રમુખો, મંત્રીગણ, પ્રશાસક તથા મનીષીઓના અનેક કાર્યક્રમ ભારતમાં થયા. ભારતના આત્મીય આતિથ્યનો અનુભવ, ભારતના ગૌરવશાળી અતીત અને વર્તમાનની આકર્ષક પ્રગતિ બધાજ દેશોના સહભાગીઓને પ્રભાવિત કરી ગઈ.

આફ્રીકી યુનિયનને સભ્યપદ માટે સ્વીકૃતિ અપાવવામાં તેમજ પ્રથમ દિવસે જ પરિષદના ઘોષણા પ્રસ્તાવ ને સર્વ સંમતિ થી પસાર કરાવવામાં ભારતની પ્રમાણિક સદભાવના તેમજ રાજનૈતિક કુશળતાનો અનુભવ સહુને થયો. ભારતના અનોખા વિચાર અને દૂરંદેશીના કારણે સમગ્ર વિશ્વની વિચારસરણીમાં વસુધૈવ કૂટુંબકમ ની દિશા જોડાઈ ગઈ. જી-૨૦ નો અર્થ કેન્દ્રિત વિચાર હવે માનવ કેન્દ્રિત થઈ ગયો. ભારતને વિશ્વ ના મંચ પર એક પ્રમુખ રાષ્ટ્ર તરીકે દ્રઢતા પૂર્વક સ્થાપિત કરવાનું આ અભિનંદનીય કાર્ય આ પ્રસંગ ના માધ્યમ થી આપણાં નેતૃત્વ એ કર્યુ.

આ વખતે આપણાં ખેલાડીઓ એ એશિયાડ રમતોત્સવ માં પહેલીવાર ૧૦૦ થી વધારે - ૧૦૭ ચંદ્રક (૨૮ સુવર્ણ, ૩૮ રોપ્ય તેમજ ૪૧ કાંસ્ય) જીતી ને આપણાં સહુના ઉત્સાહમાં વધારો કર્યો છે. એમને આપણાં સહુ ના અભિનંદન. ઉભરી રહેલા ભારતની શક્તિ, બુદ્ધિ, તેમજ યુક્તિની ઝલક ચન્દ્રયાન ના પ્રક્ષેપણ પ્રસંગે વિશ્વે જોઈ. ચંદ્રમા ના દક્ષિણ ધ્રુવ પર અંતરિક્ષ યુગ ના ઈતિહાસમાં પહેલીવાર ભારતનું વિક્રમ લેંડર ઉતર્યુ. સમસ્ત ભારતીયોનું ગૌરવ અને આત્મવિશ્વાસ વધારવા વાળા આ કાર્ય ને સંપન્ન કરનારા વૈજ્ઞાનિક તેમજ એમને બળ આપનાર નેતૃત્વને સંપૂર્ણ દેશ અભિનંદી રહ્યો છે.

સંપૂર્ણ રાષ્ટ્રના પુરુષાર્થનો મૂળ એ રાષ્ટ્રનું વૈશ્વિક પ્રયોજન સિદ્ધ કરવા વાળા રાષ્ટ્રીય આદર્શ હોય છે. એટલે આપણાં સંવિધાન ની મૂળ પ્રત પર જેમનું ચિત્ર અંકિત છે એવા ધર્મના મૂર્તિમાન પ્રતિક શ્રી રામના બાળ રૂપ નું મંદિર અયોધ્યાજીમાં બની રહ્યું છે. આવતી ૨૨ જાન્યુઆરી એ મંદિરના ગર્ભગૃહમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થશે એ ઘોષણા પણ થઈ ચૂકી છે. વ્યવસ્થાગત કઠણાઈઓ અને સુરક્ષાની સાવધાનીઓ ને કારણે આ પાવન અવસર પર અયોધ્યામાં બહુ મર્યાદિત સંખ્યા ઉપસ્થિત રહી શકશે. શ્રી રામ આપણાં દેશના આચરણ ની મર્યાદાના પ્રતિક છે, કર્તવ્ય પાલનના પ્રતિક છે, સ્નેહ તેમજ કરુણાના પ્રતિક છે. પોતપોતાના સ્થાનો પર જ એવું વાતાવરણ બને. રામ મંદિરમાં શ્રી રામલલ્લાના પ્રવેશ થી પ્રત્યેક હ્રદયમાં પોતાના મનમાં રામને જાગૃત કરી પોતાના મનની અયોધ્યાને સજાવે. તેમજ સર્વત્ર સ્નેહ પુરુષાર્થ તેમજ સદભાવનાનું વાતાવરણ બને એવા અનેક સ્થાનો પર નાના નાના આયોજન કરવા જોઈએ. સદીઓના સંકટોની પરંપરાની સામે લડી ને યશસ્વી બનીને હવે આપણું ભારત ભૌતિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિના માર્ગ પર નિશ્ચિત રૂપે આગળ વધી રહ્યું છે એનો સંકેત આપનારા ઘટનાઓના આપણે સહુ સૌભાગ્યશાળી સાક્ષીઓ છીએ.

સંપૂર્ણ વિશ્વ ને પોતાના જીવન થી અહિંસા, જીવદયા તેમજ સદાચાર શીખવવા વાળા, સત્પથ આપનારા શ્રી મહાવીર સ્વામી નો ૨૫૫૦ મું નિર્વાણ વર્ષ, વિદેશીઓના ૩૫૦ વર્ષના થોપાયેલા પરતંત્ર થી મુક્તિનો માર્ગ હિંદવી સ્વરાજની સ્થાપના તેમજ ન્યાય પૂર્ણ જનહિતકારી સંચાલન દ્વારા અનુભવ કરાવનાર છત્રપતિ શિવાજી મહારાજ ના રાજ્યાભિષેકનું ૩૫૦ મું વર્ષ તેમજ અંગ્રેજો ના પરતંત્ર થી મુક્તિ મેળવવર્ણ દેશના જનમાનસ ને પોતાના "સ્વ" ના સ્વરૂપનું સ્પષ્ટ તેમજ યથાતથ્ય દર્શન "સત્યાર્થ પ્રકાશ" દ્વારા કરાવનાર મહર્ષિ દયાનંદ સરસ્વતી નું ૨૦૦ મું જન્મ જયંતિ વર્ષ આપણે સંપન્ન કરી રહ્યા છીએ.

આગામી વર્ષ આ પ્રકારે રાષ્ટ્રીય પુરુષાર્થની શાશ્વત પ્રેરણા બનેલી બે વિભૂતિયો નું સ્મરણ વર્ષ પણ છે. અસ્મિતા તેમજ સ્વતંત્રતા માટે બલિદાન આપવા વાળી, ઉધ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ તેમજ પરાક્રમ ની સાથે સાથે પોતાની પ્રશાસન કુશળતા તેમજ પ્રજાહિત દક્ષતા માટે આદર્શભૂત મહારાણી દુર્ગાવતી નું આ ૫૦૦ મું જયંતિ વર્ષ છે. ભારતીય મહિલાઓના સર્વાંગીણ કર્તુત્વ, નેતૃત્વ ક્ષમતા, ઉજ્જ્વળશીલ તેમજ જાજવલ્ય દેશભક્તિના તેઓ દેદીપ્યમાન આદર્શ હતા.

એવી જ રીતે પોતાની પ્રજાહિત દક્ષતા તેમજ પ્રશાસન કુશળતાની સાથે, સામાજિક વિષમતાને જડમૂળ થી નિર્મૂલન માટે જીવનભર પોતાની સંપૂર્ણ શક્તિ લગાવનાર કોલ્હાપુર (મહારાષ્ટ્ર)ના શાસક છત્રપતિ શાહુજી મહારાજ નું આ ૧૫૦ મુ જયંતિ વર્ષ છે. દેશની સ્વતંત્રતા ની અલખ જેમણે પોતાના જીવનના યૌવનકાળ થી જગાવી, ગરીબો




માટે અન્નદાન કાર્યક્રમ હેતુ પ્રગટાવેલો પહેલો ચૂલો તામિલનાડું માં આજે પણ પ્રદીપ્ત છે અને પોતાનું કામ કરી રહ્યો છે. એવા તામિલ સંત શ્રીમદ રામલિંગ વલ્લાર નું ૨૦૦ મુ વર્ષ હમણાં આ જ મહિને જ સંપન્ન થયું. સ્વતંત્રતાની સાથે સાથે સમાજ ની આધ્યાત્મિક સાંસ્કુતિક જાગૃતિ તથા સામાજિક વિષમતા ના સંપૂર્ણ નિર્મૂલન માટે જીવનભર કાર્ય કરતાં રહ્યા. આ પ્રેરણાસ્પદ વિભૂતિયોના જીવનનું સ્મરણ આપણને સૌને સ્વતંત્રતાના અમૃત મહોત્સવ ના સમાપન દિવસો માં સામાજિક સમતા, એકાત્મતા તેમજ પોતાના સ્વ ની રક્ષા નો સંદેશ પ્રાપ્ત થાય છે. આપણાં સ્વ ને પોતાની ઓળખાણને સુરક્ષિત રાખવી એ મનુષ્યની સ્વાભાવિક ઈચ્છા તેમજ પ્રયત્ન રહે છે. જડપથી પરસ્પર પાસે આવી રહેલા વિશ્વમાં આજકાલ આ ચિંતા વધી રહી છે. સંપૂર્ણ વિશ્વને એક જ રંગમાં રંગવાનો, એકરૂપતા લાવવાનો પ્રયાસ હજુ સીધો સફળ નથી રહ્યો, અને આગળ પણ સફળ નથી રહેવાનો. ભારત ની ઓળખ ને, હિન્દુ સમાજની અસ્મિતા ને બનાવી રાખવી એ વિચાર સ્વાભાવિક તો છે જ. આજ ના વિશ્વ ની વર્તમાન કાલીન સમસ્યાની આવશ્યકતા પૂરી કરવા માટે, પોતાના સ્વયંના મૂલ્યો પર આધારિત, કાળસુસંગત, નવા રૂપરંગ સાથે ભારત ઊભું થાય એવી વિશ્વ ની અપેક્ષા પણ છે. મત સંપ્રદાયોને લઈ ને ઉત્પન્ન થયેલ કટ્ટરતા, અહંકાર તેમજ ઉન્માદ ને વિશ્વ સહન કરી રહ્યું છે. સ્વાર્થોના ટકરાવ તેમજ અતિવાદિતા ને કારણે ઉત્પન્ન થયેલા યુક્રેન અથવા ગાઝાપટ્ટી ના યુદ્ધ જેવા ક્લેશોનું કોઈ નિદાન નથી દેખાઈ રહ્યું.

પ્રકૃતિ વિરુદ્ધ જીવન શૈલી, સ્વચ્છનદતા તેમજ અબાધિત ઉપભોગો ને કારણે નવી નવી શારીરિક તેમજ માનસિક બીમારીઓ ઉત્પન્ન થઈ રહી છે. વિકૃતિયો અને અપરાધ વધી રહ્યા છે. આત્યંતિક વ્યક્તિવાદ ને કારણે પરિવાર તૂટી રહ્યા છે. પ્રકૃતિના અમર્યાદ શોષણ થી પ્રદૂષણ, વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ, ઋતુક્રમમાં અસંતુલન તેમજ તેના દ્વારા ઉત્પન્ન પ્રાકૃતિક દુર્ઘટનાઓ વધી રહી છે. આતંકવાદ, શોષણ તેમજ અધિસત્તાવાદને ખુલ્લુ મેદાન મળી રહ્યું છે. આવી અધૂરી દ્રષ્ટિને લઈને વિશ્વ આ સમસ્યાઓ નો સામનો નહીં કરી શકે એ સ્પષ્ટ થઈ ગયું છે. એટલે આપણાં સનાતન મૂલ્યો તેમજ સંસ્કાર પર આધારિત ભારત પોતાના ઉદાહરણ થી વાસ્તવિક સુખ-શાંતિ નો નવપથ વિશ્વ ને બતાવે એ અપેક્ષા વિશ્વ માં જાગી છે.

આ પરિસ્થિતિઓ નો એક દાખલો ભારત વર્ષ માં આપણી સામે વિદ્યમાન છે. જેમ કે વર્તમાન માં જ હિમાલય ક્ષેત્ર માં હિમાચલ તેમજ ઉત્તરાખંડ થી લઈ ને સિક્કિમ સુધી સતત પ્રાકૃતિક વિપદાઓ નો પ્રણાંતિક ખેલ આપણે જોઈ રહ્યા છીએ. ભવિષ્યમાં કોઈ ગંભીર તેમજ વ્યાપક સંકટનો પૂર્વાભાસ આ ઘટનાઓ દ્વારા થઈ રહ્યો છે એવી શંકાઓ ની ચર્ચા પણ થઈ રહી છે.

દેશ ની સીમા સુરક્ષા, જળ સુરક્ષા તેમજ પર્યાવરણીય સ્વાસ્થ્ય માટે ભારતની ઉત્તર સીમા ને નિશ્ચિંત કરી રહેલું આ મહત્વપૂર્ણ સ્થાન છે. કોઈ પણ કિમત પર સર્વથા એનું રક્ષણ જરૂરી છે. સુરક્ષા, પર્યાવરણ, જન સાંખ્યકી તેમજ વિકાસની દ્રષ્ટિ થી આ સમગ્ર ક્ષેત્ર ને એક ઈકાઈ માનીને હિમાલય ક્ષેત્ર નો વિચાર કરવો પડશે. આ પ્રકૃતિરમ્ય ક્ષેત્ર ભૂગર્ભ શાસ્ત્રીઓ ની દ્રષ્ટિથી નવું ક્ષેત્રછે એટલે અસ્થિર પણ છે. એના ભૂપૃષ્ઠ, ભૂગર્ભ, જૈવ વિવિધતા તેમજ જળ સંપદાની વિશેષતા ને જાણ્યા વગર વિકાસની મનમાની યોજનાઓ ક્રિયાન્વિત કરાઈ છે. આના ફળ સ્વરૂપ આ ક્ષેત્ર, તેમજ એના કારણે સમગ્ર દેશ સંકટના સંકેત મળી રહ્યા છે. આપણે બધા જાણીએ છીએ કે ભારત સહિત પૂર્વ તેમજ દક્ષિણ પૂર્વ એશિયાના બધા જ ક્ષેત્રો ને પાણી પૂરું પાડવાવાળું આ જ ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં જ ભારતની ઉત્તર સીમા પર ચીનની હાજરી ઘણા વર્ષોથી છે. એટલે આ ક્ષેત્રનું વિશિષ્ટ ભૂગર્ભશાસ્ત્રીય, સામરિક તેમજ ભૂરાજકીય મહત્વ છે. એનું ધ્યાન રાખીને આ વિસ્તાર નો અલગ દ્રષ્ટિ થી વિચાર કરવો પડશે.

જો કે આ ઘટનાઓ હિમાલય ક્ષેત્રમાં અધિક બની રહી છે, પણ સમગ્ર દેશ માટે એનો સંકેત સ્પષ્ટ રીતે ધ્યાન માં આવે છે. અધૂરી, જડવાદી તેમજ પરાકોટિ ની ઉપભોગવાદી દ્દષ્ટિ પર આધારિત વિકાસ કર્યોના કારણે, માનવતા તેમજ પ્રકૃતિ ધીરે ધીરે પરંતુ નિશ્ચિત રૂપ થી વિનાશની તરફ વધી રહ્યા છે. સંપૂર્ણ વિશ્વમાં આની ચિંતા વધી રહી છે. આવા અસફળ પ્રયોગોનો ત્યાગ કરીને અથવા ધીરે ધીરે પાછા ફરી ને ભારતીય મૂલ્યો પર તેમજ ભારતની સમગ્ર એકાત્મ દ્રષ્ટિ પર આધારિત, કાળ સુસંગત તેમજ અધ્યતન, પોતાનો અલગ વિકાસ પથ ભારતે સ્વયમે જ બનાવવો પડશે. આ ભારત માટે સર્વથા ઉપયુક્ત તેમજ વિશ્વ માટે પણ અનુકરણીય બની શકશે. ઘસાઈ ગયેલ અસફળ માર્ગ પર ચાલ્યા કરવાની, અંધાનુકરણ તેમજ જડતા તેમજ પુસ્તકીય નિષ્ઠતાની પ્રવૃતિ ને છોડવી પડશે. ઉપનિવેશિક માનસિકતાથી મુક્ત બની ને, વિશ્વ પાસે થી જે દેશાનુકૂળ છે એ જ લેવું પડશે. આપણાં દેશમાં છે એને યુગાનુકૂળ બનાવી ને, આપણે સ્વ આધારિત સ્વદેશી વિકાસ પથ અપનાવીએ, એ સમયની આવશ્યકતા છે.

આ દૃષ્ટિ થી કેટલાક નીતિગત પરીવર્તન પાછલા સમયમાં થયા છે એ ધ્યાનમાં આવે છે. સમાજમાં પણ કૃષિ, ઉદ્યોગ તેમજ વ્યાપાર, તેના સંબંધિત સેવાઓના ક્ષેત્રમાં, સહકારિતા તેમજ સ્વરોજગારના ક્ષેત્રોમાં નવા સફળ પ્રયોગોની સંખ્યામાં નિરંતર વૃદ્ધિ થઈ રહી છે. પરંતુ પ્રશાસનના ક્ષેત્રોમાં, બધાજ ક્ષેત્રોમાં ચિંતન કરવા વાળા તેમજ દિશા આપવા વાળા બુદ્ધિશાળી લોકોમાં, આ પ્રકારની જાગૃતિની વધારે આવશ્યકતા છે. શાસનની સ્વ આધારિત યુગાનુકૂલ નીતિ, પ્રશાસનની તાત્કાલિક, સુસંગત તેમજ લોકઉપયોગી કર્યો તથા સમાજનો મન, વચન, કર્મથી સહયોગ, તેમજ સમર્થન જ દેશ ને પરીવર્તનની દિશામાં આગળ વધારશે.

પણ આવું ના બને, સમાજની સામુહિકતાવેરવિખેર થઈ ભાગલા પડે, આવા પ્રયાસો વધી રહ્યા છે. પોતાના અજ્ઞાન, અવિવેક, પરસ્પર અવિશ્વાસ અથવા અસાવધાની ને કારણે સમાજ માં ક્યાંક ક્યાંક આવા અપ્રત્યાશીત બનાવો તેમજ વિભાજન વધતું જઈ રહી હોય એવું દેખાઈ રહ્યું છે. ભારતનું ઉત્થાન અને એનું પ્રયોજન વિશ્વ કલ્યાણ જ રહ્યું છે. પરંતુ આના કારણે સ્વાર્થી, ભેદભાવપૂર્ણ અને છલ કપટ ના આધાર પર પોતાના સ્વાર્થની સાધના કરવા વાળી શક્તિઓનો વિરોધ પણ નિરંતર ચાલતો હોય છે. જો કે આ શક્તિઓ કોઈ ને કોઈ વિચારધારાનું આવરણ ઓઢી લે છે, કોઈ લોભાવનારી ઘોષણા અથવા લક્ષ્ય માટે કાર્યરત બનવાનો ડહોળ રચે છે, એમના વાસ્તવિક ઉદ્દેશ કઈંક જુદા જ હોય છે. પ્રમાણિક્તા તેમજ નિસ્વાર્થ બુદ્ધિ થી કામ કરવા વાળા લોકો કોઈ પણ વિચારધારા ના હોય, કોઈપણ પ્રકાર નું કામ કરતાં હોય એમના માટે આવા વિઘ્નકારી લોકો બાધા જ બને છે. આજકાલ આવી સર્વભક્ષી શક્તિના લોકો પોતાને સાંસ્કુતિક માર્ક્સવાદી અથવા વોક (**WOKE**) અર્થાત જાગ્રત થયેલા લોકો કહે છે. પરંતુ માર્કસને પણ આ લોકો ૧૯૨૦ માં જ ભૂલી ગયા છે.






। સંતોષ ભાઈ જોષી સંતરામપુર, તા.૨૫ ।

આજરોજ સંતરામપુર મુકામે વિજયાદશમીના ઉત્સવ નિમિત્તે સંતરામપુર નગર ખાતે મહાકાળી મંદિરથી સંઘનું સંચલન નીકળ્યું જેનું સંતરામપુર નગરમાં શેરીએ શેરીએ સ્વાગત કરવામાં આવ્યુ.

# નવરાત્રી દરમિયાન ૮૦ હજાર ટુવ્હિલરની ખરીદી થઇ

**અમદાવાદમાં ૫૦ કાર ૫૦ લાખથી વધુ કિંમતની હોવાનો અંદાજ છે ૬૦૦ ટુવ્હિલર દોઢથી અઢી લાખથી વધુ કિંમતના હોવાનું અનુમાન છે**

। અમદાવાદ, તા.૨૫ ।

રાજ્યમાં છેલ્લા ૧૦ દિવસમાં ૨૪ હજાર કારનું રેકોર્ડબ્રેક વેચાણ થયું છે. તો નવરાત્રી દરમિયાન ૮૦ હજાર ટુવ્હિલરની ખરીદી થઈ છે. તો દશેરાના દિવસે અમદાવાદમાં ૨ હજાર કાર અને ૬ હજાર ટુવ્હિલરની ખરીદી થઈ. અમદાવાદમાં ૫૦ કાર ૫૦ લાખથી વધુ કિંમતની હોવાનો અંદાજ છે.

૬૦૦ ટુવ્હિલર દોઢથી અઢી લાખથી વધુ કિંમતના હોવાનું અનુમાન છે. તો ઓક્ટોબર માસમાં ૧.૫૦ લાખ ટુવ્હિલર અને ૫૦ હજાર કાર વેચાઈ હતી. દશેરાના દિવસને શુભ માનવામાં આવે છે. આ દિવસે વણજોયેલા મૂહુર્તમાં લોકો નવી વસ્તુ ખરીદતા હોય છે. ત્યારે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિત રાજ્યના શહેરોમાં અનેક શો-રૂમમાં વાહન ખરીદવા માટે લોકો ઉમટી પડ્યા હતા. સારા મૂહુર્તને લઈ ગ્રાહકોએ વાહન ખરીદી માટે દશેરાનો દિવસ પસંદ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, કેટલાક ગ્રાહકોએ અગાઉથી જ વાહન બુકિંગ કર્યા હતા અને હવે ડીલિવરી લઈ રહ્યા છે. ભારતમાં લોકો વાહનને માત્ર એક સાધન નહીં, પરંતુ પરિવારના સભ્યની જેમ માને છે. જેને લઈ તેની પૂજા કરીને મૂહુર્ત કરે છે.

### ફરીવાર PM મોદી આવશે માદરે વતન

# મહેસાણામાં ૩૦ ઓક્ટોબર પીએમ મોદીની સભાનું જાજરમાન આયોજન

**મહેસાણામાં ૩૦ ઓક્ટોમ્બરના રોજ પીએમની સભા યોજાશે, જેમાં પીએમ મોદી મહેસાણા, પાટણ, બનાસકાંઠાને સંયુક્ત સભાને સંબોધશે કરશે**



। અમદાવાદ, તા.૨૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતના મહેમાન બની રહ્યા છે. મહેસાણામાં ૩૦ ઓક્ટોબરૈંસ મોદીની સભાનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન રૂ.૪૭૭૮ કરોડના વિકાસકાર્યોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ થાય તેવું પ્રદેશ મહામંત્રી રજની પ ટેલે નિવેદન આપી જણાવ્યું હતુ.મહેસાણામાં ૩૦ ઓક્ટોમ્બરના રોજ પીએમની સભા યોજાશે. જેમાં પીએમ મોદી મહેસાણા, પાટણ, બનાસકાંઠાને સંયુક્ત સભાને સંબોધશે કરશે. વડાપ્રધાન મુલાકાતે આવી રહ્યા હોવાથી ભાજપ કાર્યકરો-આગેવાનોમાં આનોખી ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ એક વખત માદરે વતન આવી રહ્યા છે. ૩૦ ઓક્ટોબરના રોજ તેઓ ખેરાલુના ડભોડા ખાતે જંગી સભાનં સંબોધન કરશે. ડભોઈ હાલ પ્રવાસન સ્થળ તરીકે વિકસી રહ્યું હોવાથી પ્રધાનમંત્રી મહેસાણા જિલ્લાની મુલાકાત લઈ ૪૭૭૮ કરોડના વિકાસ કામોના શ્રી ગણેશ કરશે. મહેસાણા ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બીજી તરફ આગોતરા આયોજનને લઈને જિલ્લા ભાજપ સંગઠનની બેઠક યોજાઈ હતી.જેમાં જિલ્લા ચૂંટાયેલા સદસ્યો સહિત કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. પ્રદેશ મહામંત્રી રજની પટેલ પ્રદેશ ઉપાધ્યક્ષ વર્ષાબેનની અધ્યાક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં મહામંત્રી રજની પટેલે સંપૂર્ણ વિગતો આપી હતી.






। ભરતભાઈ એ.પંડ્યા. દિવડા કોલોની તા.૨૫ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા કોલોની વિસ્તારમાં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ આસો સુદ દસમ નેદસેરા ના દિવસે સાંજે સાત વાગ્યે રાવણ દહન નો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો જેમાં મા.શ્રી કુબેરભાઈ ડીડોર સાહેબ કે.મંત્રી પ્રા. મા. પ્રો. શિ. ગુ.રાજ્ય તેમજ રાજવી પરિવારના રાજા સાહેબદ્વારા પૂજા અર્ચના કરવા માં આવી હતી આ વિસ્તાર માં ફક્ત એક જ જગ્યાએ આ ઉત્સવ યોજાતો હોવાથી મોટી સંખ્યામાં જન મેદની ઊમટે છે જાણે મેળાનું આયોજન કરાયું હોય તેમ દૂર દૂર થી આનંદ ઉલ્લાસ માણવા માટે માણસો આવી પહોચે છે અને લહાવો લઈ છૂટા પડે છે.

## અદાણી ગુજરાત જાયન્ટ્સ PKLની સીઝન ૧૦ માટે તૈયારીઓ શરૂ કરી

। અમદાવાદ, તા.૨૫ ।

પીકેએલની ૧૦મી સિઝન આવી રહી છે ત્યારે, હરાજી દરમિયાન મજબૂત ટિમ બનવાનર , અદાણી ગુજરાત જાયન્ટ્સે ૨જી ડિસેમ્બરે અમદાવાદમાં શરૂ થનારી ટુર્નામેન્ટની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

બાહોશ રામ મેહર સિંહ દ્વારા પ્રશિક્ષિત, ટીમ તાલીમ શિબિરમાં એકત્ર થઈ ગઈ છે, અને સિઝન માટે પોતાને શ્રેષ્ઠ સંભવિત પ્રદર્શન મેળવવા માટે વિવિધ તાલીમ દિનચર્યાઓમાંથી પસાર થઈ રહી છે.

સ્થાનિક સપોર્ટ સાથે અદાણી ગુજરાત જાયન્ટ્સ ફઝલ અત્રાચલી, મોહમ્મદ નબીબક્ષ, પ્રતિક દહિયા જેવા ખેલાડીઓ સાથે ધમાકેદાર શરૂઆત કરવા માટે પ્રયત્નશીલ રહેશે.

### હજારોની સંખ્યામાં ખુલશે રોજગારના અવસરો

# ગુજરાત સરકાર અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે ૭,૪૬૦ કરોડના MoU

**રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા MoU વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલસીલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૩૯ MoU રૂ. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે**

। અમદાવાદ, તા.૨૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦ મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે જ વિવિધ ઉદ્યોગ જુથો સાથ MoUનો ઉપક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વેગવંતો બન્યો છે. રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા MoU વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલેસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૩૯ MoU રૂ. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે. રૂ. ૭૪૫૯.૬૮ કરોડના MoU મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ શૃંખલામાં આગળ વધતા રાજ્યમાં સ્માર્ટ એન્ડ સસ્ટેઈનેબલ સિટી ડેવલપમેન્ટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગે પણ વાઈબ્રન્ટ સમિટ પૂર્વાર્ધ રૂપે રિયલ એસ્ટેટ ડેવલપર્સ સાથે મહત્વપૂર્ણ MoU આ સપ્તાહે યોજયેલી કડીમાં કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૮ જેટલા ડેવલપ ર્સ દ્વારા રાજ્યના અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરમાં કોમર્શિયલ પ્રોજેક્ટસ, કોમર્શિયલ એન્ડપ રેસીડેન્સીયલ પ્રોજેક્ટસ માટે કુલ રૂ. ૭૪૫૯.૬૮ કરોડના MoU શહેરી વિકાસ વિભાગ સાથે કરવામાં આવ્યા છે.આ પ્રોજેક્ટસ પર સત્વરે કામ શરૂ થશે અને સંભવત ૨૦૨૬ થી ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે એટલું જ નહિ તેમાં અંદાજે ૪,૭૫૦ જેટલા લોકોને રોજગાર અવસર મળવાની સંભાવના છે. ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે અનેક મોટા રોકાણો તથા ઔદ્યોગિક પ્રોજેક્ટસ આવ્યા છે. પરિણામે રાજ્યના મહાનગરોમાં વર્લ્ડક્લાસ સુવિધાઓ વિકસે તથા અન્ય કોમર્શિયલ અને રેસીડેન્સીયલ ફેસેલીટીઝ પણ સમયની માંગ અનુરૂપ અદ્યતન બને તેવી અપેક્ષાની આપૂર્તિ માટે મ્યુનિસિપલ સંસ્થાઓ અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે થયેલા આ MoU નિર્ણાયક બની રહેશે. તદઅનુસાર, મોટી ઈમારતો અને લાર્જ સ્કેલ હાઉસીંગ પ્રોજેક્ટસના નિર્માણ ક્ષેત્રે અનુભવી ડેવલપર્સ અને બાંધકામ ઉદ્યોગની તજજ્ઞતાનો લાભ રાજ્ય સરકારને મળશે. સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, હાઉસીંગ સેક્ટર સહિતના સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટથી મોટા પાયે રોજગારીનું સર્જન પણ આવા પ્રોજેક્ટસ કાર્યરત થતાં થઈ શકશે. નોંધનીય છે કે રાજ્યના પાંચ મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં સ્કાયરાઈઝ બિલ્ડીંગ્સ, ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી ઈમારતોના નિર્માણ માટે બાંધકામ નિયમોમાં ૨૦૨૦માં વિશેષ જોગવાઈઓ દાખલ કરેલી છે.

# અયોધ્યાના મુસ્લિમાનોએ PMને કરી માંગ : રામ મંદિરનું ઉદ્‌ઘાટન વખતે મસ્જિદનો શિલાન્યાસ તેની સાથે કરે

**નવેમ્બર ૨૦૧૯ માં સુપ્રીમ કોર્ટેએ ચુકાદામાં મસ્જિદના બાંધકામ માટે યુપી સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડને ૫ એકર જમીન આપી હતી**

। અયોધ્યા, તા.૨૫ ।

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. આવતા વર્ષે ૨૦૨૪નાં જાન્યુઆરીમાં મંદિરમાં ભગવાન રામનો અભિષેક કરવામાં આવશે. પીએમ નરેન્દ્ર મોદી પોતે રામ મંદિરના ઉદ્‌ઘાટન સમારોહમાં ભાગ લેવા પહોંચશે. દરમિયાન, અયોધ્યાના મુસ્લિમોએ પીએમ મોદીની મોટી માંગ કરી છે. તેમણે કહ્યું છે કે પ્રાણ પ્રતિષ્ઠ કાર્યક્રમમાં આવતા વડા પ્રધાન ધન્નીપુર મસ્જિદનો શિલાન્યાસ કરે. સુપ્રીમ કોર્ટેએ ચુકાદામાં ઉત્તર પ્રદેશ સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડને મસ્જિદના નિર્માણ માટે ૫ એકર જમીન આપી હતી. વિવાદીત અયોધ્યામાં બાબરી મસ્જિદની જગ્યાએ મંદિર બનાવા માટે નિર્ણય કર્યો હતો. બંન્નેને અલગ અલગ જગ્યાઓ પર જમીન મળી હતી. જ્યારે મંદિર માટે શ્રી રામ જન્મભુમિની તીર્થ ક્ષેત્રની વિસ્તારની રચના કરવામાં આવી હતી, મસ્જિદના નિર્માણ માટે ઈન્ડો ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન રચના કરવામા આવી હતી. જાન્યુઆરીમાં મંદિરમાં ભગવાન રામનો અભિષેક થવા જઈ રહ્યો છે. ત્યારે ધન્નીપુર મસ્જિદનો હજૂ સુધી શિલાન્યાસ થયું નથી. આવી સ્થિતિમાં ઘણા વરિષ્ઠ મુસ્લિમ બૌદ્ધિકો પાસેથી માંગ કરવામાં આવી છે કે મસ્જિદની નિવ (પાયો) પીએમ મોદી દ્વારા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. તે લગભગ નક્કી કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ રામ મંદિરના ઉદ્‌ઘાટન સમારોહમાં અયોધ્યા આવી રહ્યો છે, તે સમયે મસ્જિદનો શિલાન્યાસ કરેં. મોહમ્મદ ઈસ્માઈલ અંસારી પ્રમુખ ઈન્ડિયન મુસ્લિમ લીગએ કહ્યું કે આપણા વડા પ્રધાન શુભ પ્રસંગે અયોધ્યા આવી રહ્યા છે. અમે તેમને મસ્જિદ પર કામ શરૂ કરવાની વિનંતી કરીએ છીએ. આ અમારી દિલની ઈચ્છા છે. ડો. નજમુલ હસન ગની કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ ઈન્ડિયન મુસ્લિમ લીગ કહે છે. કે સુપ્રીમ કોર્ટના આદેશ પર મસ્જિદના નિર્માણ માટે ૫ એકર જમીન આપવામાં આવી છે. જો આ મસ્જિદનો શિલાન્યાસ વડાપ્રધાન મોદી હસ્તકે થાય તો સારું રહેશે. ડો. નઝમુલ હસન તે વડાપ્રધાન રામ મંદિરના ઉદ્‌ઘાટન માટે અયોધ્યા આવી રહ્યો છે. તેમની સાથે જામા મસ્જિદના ઈમામ અહેમદ બુખારી અને ઓલ ઈન્ડિયાના સંગઠના પ્રમુખ ડો. ઈલ્યાસીને પોતાના સાથે લેતા આવે અને ધન્નીપુર મસ્જિદની નિવ મૂકે.

આ દરમિયાન મુફ્તી અબ્દુલ્લા બાદશાહ ખાન મુદાઇ બાબરી મસ્જિદ કહે છે કે મોદી જી સમગ્ર ભારતના વડા પ્રધાન છે. તે અયોધ્યામાં હિન્દુઓના રામ મંદિરના પાયો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કરવાના છે. હું ઈચ્છુ છું કે તેજ રીતે ધન્નપુરી મસ્જિદનો શિલાન્યાસ કરવામાં આવે. આખી દુનિયા જોઈ શકે, તાજમહેલનું નામ પણ આખી દુનિયામાં છે. તેના કરતા આ મસ્જિદનો મોટુ નામ હોવું જોઈએ.

ઈન્ડો ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન પર સવાલ ઉઠ્યા

ઈકબાલ અંસારી બાબરી મસ્જિદના સમર્થક કહ્યુ કે મસ્જિદના નિર્માણનાં વિલબ માટે ઈન્ડો ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન જવાબદાર છે. અને તેમના વિષય કઠોર ટીપણી પણ કરે છે. તેમનું કહેવું છે. કે જો ટ્રસ્ટીઓ સાચા હોત, તો અત્યાર સુધીમાં કામ આગળ વધી ગયું હોત, આથી સરકારે મસ્જિદના નિર્માણમાં સહકાર આપવો જોઈએ પ રંતુ ટ્રસ્ટિઓ પણ બદલવા જોઈએ અંસારીના કહેવા પ્રમાણે ટ્રસ્ટીઓ સાથે કોઈ જોડાવા માંગતું નથી આજ કારણ છે. કે રામ મંદિર તૈયાર છે. અને મસ્જિદ આજ સુધી કોઈ કામ થયું નથી લોકો પ્રશ્ન કરે છે કે મસ્જિદમાં કેટલું કામ થયું છે.

ઈન્ડો ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન ટ્રસ્ટના સચિવ અને પ્રવક્તા અતહર હુસૈને જણાવામા આવ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર અયોધ્યા જિલ્લાના ધન્નીપુર ગામમાં વકફ બોર્ડને મળેલી પાંચ એકર જમીન પર હોસ્પિટલ, લાઈબ્રેરી, સામુદાયિક રસોઈઘર અને રિસર્ચ સેન્ટર બનાવવામાં આવશે.




ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨